# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૮ * એપ્રિલ, ૨૦૨૦

શુદ્ધાત્મવૈભવવિલાસી સ્વાત્માનુભવી
પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો

## ૧૩૧ મો જન્મ મહોત્સવ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● કેવો છે જીવલોક ! જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તનોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (—ઇન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે. (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે.) ૧૭૯૮.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૪)

● વીતરાગી યોગી જો કુછ ચિંતવન કરે વહી ધ્યાન હૈ. ઈસ કારણ અન્ય કહના હૈ વહ ગ્રંથકા વિસ્તાર માત્ર હૈ, વીતરાગકે સબ હી ધ્યેય હૈ. ૧૭૯૯.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૮, શ્લોક-૧૧૩, પાનું ૪૦૭)

● એક મનકે ભીતર અનેક ભાવ હોતે હૈં, મનકે વિચારોંકે કારણ કાર્યકો કિયે બિના ભી કર્મોંકા બંધ હુઆ કરતા હૈ. જબ મન રુક જાતા હૈ, તબ આત્માકા જ્ઞાનસ્વભાવ પ્રકાશમાન હોતા હૈ. આત્મિક સ્વભાવમેં રત હોનેસે કર્મોંકા ક્ષય હોતા હૈ. ૧૮૦૦. (શ્રી તારણસ્વામી, ઉપદેશ—શુદ્ધસાર, શ્લોક-૨૭૮)

● આ જીવ દેહની સાથે મળી રહ્યો છે તોપણ પોતાનો જ્ઞાનગુણ તેને (દેહને) જાણે છે, તે (-જ્ઞાની) પોતાને દેહથી જુદો જ જાણે છે; વળી દેહ, જીવની સાથે મળી રહ્યો છે તોપણ તેને તે કંચુક એટલે કપડાના જામા જેવો જાણે છે, જેમ દેહથી જામો જુદો છે તેમ જીવથી દેહ જુદો છે એમ તે જાણે છે. ૧૮૦૧.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૩૧૬)

● હે ભિક્ષુ ! અગર વિષયભોગ સામગ્રીની જ તારી વાંછા હોય તોપણ થોડો સહનશીલ થઈ ધીરજ રાખ. તું જે ભોગાદિને ઇચ્છે છે તેથી પણ વિપુલ અને ઉત્તમ ભોગાદિ દેવલોકમાં છે. ઉત્તમ અને પક્વ થતાં ભોજનને જોઈ માત્ર જલાદિ વસ્તુઓ પીઈ-પીઈને ભોજનની સાચી રુચિનો કેમ નાશ કરે છે ? ૧૮૦૨.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૧૬૧)

● જે આ આત્માને પૌદ્‌ગલિક પ્રાણોની સંતાનરૂપે પ્રવૃત્તિ છે, તેનો અંતરંગ હેતુ અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું મૂળ (-નિમિત્ત) છે એવું શરીરાદિના મમત્વરૂપ ઉપરક્તપણું (-વિકારીપણું) છે. ૧૮૦૫. (શ્રી અમૃચચંદ્રાચાર્ય, પ્ર.સા.ટીકા—ગાથા-૧૫૦)

વર્ષ–૧૪
અંક–૮




વિ. સંવત
૨૦૭૫
April
A.D. 2020

# પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશ–રત્નાકરમાંથી વીણેલા રત્નો

● દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી, અમને તેં ઓળખ્યા નથી. ૧.

● સમકિત થવા પહેલાં યોગ્યતા પ્રગટ થાય છે. પહેલાં યોગ્યતા પ્રગટે છે અને પછી વસ્તુ પ્રગટે છે :–આમ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુસ્વભાવ પ્રગટ થવો તે ભાવનિક્ષેપ છે અને તે ભાવનિક્ષેપ યોગ્ય યોગ્યતા પ્રગટવી તે દ્રવ્યનિક્ષેપ છે. ભાવનિક્ષેપનું લક્ષ થવું તે દ્રવ્યનિક્ષેપ છે. યથાર્થ દ્રવ્યનિક્ષેપ થાય ત્યાં ભાવનિક્ષેપ થાય જ. ૨.

● જેને જ્યાં પ્રેમ લાગે છે ત્યાં તે ઝૂકી જાય છે, ખપી જાય છે. જેને મનુષ્યપણે આત્મા...આત્મા... થઈ ગયું છે તેને આત્મા પ્રગટ્યે જ છૂટકો. જેણે આત્માને જાણ્યો છે, તેણે આત્મભાવ મોઢા આગળ કર્યો છે. તેને બીજું કાંઈ ત્રણ કાળમાં મોઢા આગળ (મુખ્ય) થાય એમ નથી. તેને હવે કોઈ ચૌદ બ્રહ્માંડમાં વિઘ્ન કરનાર નથી. જેણે આત્મજીવન પોતાનું પહેલું કર્યું છે તેને હવે ત્રણકાળમાં તે જીવન જ પહેલું (મુખ્ય) રહેવાનું છે. ૩.

● દેવ-ગુરુ ને ધર્મની જે ભાવના છે તે ભાવનાને કાળ ન હોય, કારણ કે પરમાત્મપદને જેમ કાળ ન હોય તેમ તેની ભાવનાને પણ કાળ ન હોય; ભાવના ભાવતાં એમ ન થઈ જાય કે હું ઘણાં વર્ષથી ભાવના ભાવું છું છતાં ફળ કેમ દેખાતું નથી, એવી આકુળતા ન હોય. આકુળતા છે તે તો કષાય છે, ને જ્યાં આવી આકુળતા થાય ત્યાં તો આત્મભાવ દૂર થતો જાય છે. વળી આકુળતા છે તે પોતાની ભાવનાને મોળી પાડી દે છે

તથા તેમાં સંદેહ થઈ જાય છે તેથી પોતાની સાચી ભાવનાને પણ ખોટી કરી નાખે છે. માટે ભાવનાને કાળ ન હોય. ભાવના તે પણ વસ્તુસ્વરૂપ છે. જો તારી સાચી ભાવના હશે તો તારો આત્મભાવ તને મળશે જ. જેટલું કારણ આપે તેટલું કાર્ય અવશ્ય મળે જ. ૪.

● આજ્ઞા બે પ્રકારે છે : દ્રવ્ય આજ્ઞા અને ભાવ આજ્ઞા. દ્રવ્ય આજ્ઞા માને તો પુણ્ય બંધ થાય છે. ભાવ આજ્ઞા સમજવી બહુ મોંઘી છે, ભાવ આજ્ઞા સમયમાત્ર સમજાય તો ભવભ્રમણ ટળી જાય. ૫.

● ભગવાન તો કહે છે કે જેને ચૈતન્ય આત્માનું ભાન નથી, પૂર્ણનંદનો નાથ અંદરમાં બિરાજે છે તેની જેને શ્રદ્ધા નથી એ બધા ચાલતાં મડદા છે, અને તેના વ્રત-તપ આદિ બધા મૂર્ખાઈ ભરેલા છે. અને જેને પૂર્ણાનંદ ભગવાનની શ્રદ્ધા છે, જ્ઞાન છે, ભાન છે એ સંસારમાં રહ્યાં પણ ચાલતા સિદ્ધ છે. ૬.

● આત્મદ્રવ્યનો સ્વભાવ જ કોઈ એવો છે કે એને પહોંચવા માટે જેવું જોઈએ તેવું કારણ ન આપે ત્યાંસુધી કાર્ય આવે જ નહિ. ૭.

● જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચન સે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૮.

● ભાઈ ! તું પોતે જ ભગવાન છો, દેહદેવળમાં બિરાજતો પરમાત્મા છો, ભગવાન તે જ હું અને હું તે જ ભગવાન—એવી દૃષ્ટિ થયા વિના કોઈને સમ્યગ્દર્શન ત્રણકાળ ત્રણલોકમાં થાય નહીં. ૯.

● માખી જેવું પ્રાણી ફટકડી ઉપર ચોંટે નહિ અને સાકર ઉપર બેસે તો મીઠાશના લીધે પાંખ તૂટે તોપણ ઉખડે નહિ. તેમ જ્ઞાનીને ચૈતન્યના આનંદના સ્વાદની મીઠાશ આગળ ઈન્દ્ર-ચક્રવર્તીના ભોગ પણ દુર્ગંધમય સડેલા મડદાની જેવા લાગે છે. તેથી વિષયોને આકુળતાના કારણ જાણી ફટકડીની જેમ વિષય-ભોગમાં ચોંટતા નથી ને સાકરની—મીઠાશની જેમ અતીન્દ્રિય આનંદમાંથી જ્ઞાની ઉખડતા નથી. ૧૦.

● અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ, ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડાં સમાન છે. અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૧.

● ચક્રવર્તીને પોતાની વિશાળ સંપત્તિ છોડવી પણ સહેલી છે અને ભીખારીને

પોતાનું એક સકોરું પણ છોડવું મુશ્કેલ લાગે છે. આત્મસ્વરૂપ સમજાય ત્યારે ચક્રવર્તીની સંપત્તિ અને સકોરું બંને સમાન પુદ્ગલો ભાસે છે. ૧૨.

● સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહી. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહીં. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે; તે ક્યારે આવે ?—કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે. ૧૩.

● અહો ! ભગવાન આત્મા....ભગવાન જ્ઞાનસ્વભાવ....ભગવાન આનંદ-સ્વભાવ.... ભગવાન સર્વજ્ઞસ્વભાવ.... ભગવાન સુખસ્વભાવ... એ જ એનું સ્વરૂપ છે. દ્રવ્ય ભગવાન, ગુણ ભગવાન, પર્યાય ભગવાન ત્રણે એકરૂપ થઈ ગયા. પ્રગટ પર્યાય ભગવાન થઈ ગઈ. સમયસારમાં તેને ભગવતી પ્રજ્ઞાછીણી કહી છે. દ્રવ્ય ભગવત્ સ્વરૂપ છે, ગુણ ભગવત્ સ્વરૂપ છે, પ્રજ્ઞા ભગવતી સ્વરૂપ છે (સાધકદશા) અને પૂર્ણદશા પણ ભગવતી સ્વરૂપ છે. ૧૪.

● ઘર-સંસાર છોડવાની બે રીત :—એક, સમજીને ઊભા ઊભા નીકળી જવું; અને બીજું મરી જાય ત્યારે આડા થઈને ઘર છોડવું પડે છે. જો આડા થઈને પણ ઘર છોડવું જ પડશે તો સમજીને થોડું વહેલું પણ ઊભા ઊભા થઈને ઘર કેમ ન છોડવું ? ૧૫.

● અનંતવાર જીવે છ-છ મહિનાના ઉપવાસ કર્યા. ચામડાં ઊતરડીને ખાર છાંટ્યા છતાં આંખનો ખૂણો લાલ કર્યો નહિ. અરે ! મનથી પણ ક્રોધ કર્યો નહી, છતાં જે નિરાલંબનભાવ સમજવો જોઈએ તે રહી ગયો. ૧૬.

● લોકો બાહ્ય ચમત્કારને માને છે પણ ખરો ચમત્કાર તો ચૈતન્યનો છે, ચમત્કાર એવો છે કે સમસ્ત લોકને કોળીયો કરી જાય એવો છે. અનંતા સિદ્ધો છે તેને એક સમયની જ્ઞાનપર્યાય કોળિયો કરી જાય તેના ચમત્કારવાળી છે. ૧૭.

● અરીસાની વર્તમાન અવસ્થામાં જળ, કોલસા, બરફ, અગ્નિ, સર્પ આદિ જણાય છે, તે અવસ્થા જેટલો જ જે માને છે તે, અવસ્થા બદલતા તેની પાછળ દળ રહી જાય છે તેને માનતો નથી. તેમ એક સમયની અવસ્થા જેટલો જ આત્માને માનનાર જ્ઞેય બદલાતા જ્ઞાનની અવસ્થા બદલી જાય છે, ત્યાં મારો નાશ થઈ ગયો તેમ માને છે; પણ તે જ્ઞાન પર્યાય બદલાવા છતાં જ્ઞાનસ્વભાવદળ તેની પાછળ જેવું ને તેવું પડ્યું જ છે તેને અજ્ઞાની માનતો નથી. ૧૮.

● આ આત્મા અને આ ગુણ....આ આત્મા અને આ પર્યાય...એવા ભેદનો અભેદ આત્મામાં અભાવ છે. આત્મામાં જે મોટપ અને મહિમા ભર્યો છે તે ભગવાન જાહેર કરે છે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત આનંદ, અનંત પ્રભુતા

આદિ અનંત સ્વભાવનું એકરૂપ એવો જે સ્વભાવરૂપ સ્વદ્રવ્ય તે નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. અનંત-અનંત સ્વભાવથી ભરેલ ભગવાન અભેદ એકરૂપ આત્મા તે જ સ્વદ્રવ્ય હોવાથી ઉપાદેયરૂપ છે. ૧૯.

● ૧૨ અંગના જ્ઞાનને પણ સ્થૂલ જ્ઞાન કહ્યું છે કે જે બાર અંગનું જ્ઞાન લખ્યું લખાય નહિ, ભણ્યું ભણાય નહિ, સાંભળીને કહી શકાય નહિ, છતાં એ જ્ઞાનને સ્થૂળ કહ્યું છે. જે જ્ઞાન રાગને ભિન્ન પાડીને પર્યાયને ભગવાન બનાવે છે તે જ્ઞાનને ભગવતીપ્રજ્ઞા કહે છે, સમ્યગ્જ્ઞાન કહે છે, એ ભગવતીપ્રજ્ઞા વડે ભવના નીવેડા આવે છે. ૨૦.

● સર્વ જીવને અસંખ્યાત શત્રુઓ અને મિત્રો દેવલોકમાં છે છતાં જેનો શાતાનો ઉદય હોય તેને જ તે મિત્ર-દેવ મદદ કરવા આવે છે અને અશાતાનો ઉદય હોય તેને જ તે દુશ્મન હાની કરવા આવે છે; એટલે પુણ્ય-પાપના ઉદય વિના તે દેવોમાં પણ કોઈને સહાય કે વિઘ્ન કરવાની તાકાત નથી. બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમયે શા ઉચાટ. ૨૧.

● બીજાના દુઃખો સાંભળીને ઘણી વખત સાંભળનારાંઓને અરેરાટી થઈ જાય છે. પણ તે અરેરાટ (વૈરાગ્ય) સાચો નથી. જીવને દુઃખ અપ્રિય છે એટલે દુઃખની વાત સાંભળવામાં આવતાં ઉદાસીન ભાવ આવી જાય છે, પણ આ ઉપરથી એમ ન સમજવું કે તેને સંસારથી ખરો અરેરાટ થયો છે. તેને તો ચક્રવર્તીની ઋદ્ધિ સાંભળીને હર્ષ થાય છે. સંસારથી સાચા વિરક્તભાવવાળાને તો ચક્રવર્તીની ઋદ્ધિનું વર્ણન કે નારકીના દુઃખનું વર્ણન—બંનેમાં સંસારનું દુઃખ સરખું જ લાગે છે, બંને તરફ સરખો જ ઉદાસીન ભાવ હોય છે. ૨૨.

● જેણે અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે તેને વગર આહારે પણ અલૌકિક આનંદ આવે છે. તેને દેહ અને સંસાર મૂકવો તે તો રમતની વાત છે. ૨૩.

● રોજ રોટલા ખાવા છતાં અરુચિ થતી નથી, તેમ જ્ઞાનને ફરી ફરીને કહેતાં, સાંભળતાં અરુચિ ન થવી જોઈએ. ૨૪.

● જેને પુણ્યની મીઠાશ હશે તેને આત્માની મીઠાશ નહિ આવે. પુણ્ય એટલે કષાયભાવ કહો કે ઝેર કહો, તે ઝેર આત્માને હણી નાખે છે. પુણ્યભાવ આત્માને હણનારો છે તેથી પુણ્યની મીઠાશવાળાને આત્માની મીઠાશ નહિ આવે. ૨૫.

● મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૨૬.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૭૩-૭૪ ઉપર પ્રવચન)**

## આસ્રવો અધ્રુવ છે

વળી, આસ્રવો અધ્રુવ છે. પુણ્ય-પાપના ભાવો વાઈના વેગની જેમ વધતા ઘટતા હોવાથી અધ્રુવ છે. વાઈના રોગનો વેગ એકદમ વધે ને ઘટે તેમ પુણ્ય ને પાપના ભાવો વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે, કાયમ રહેનારી ચીજ નથી. દાન આદિનો તીવ્ર શુભરાગ આવ્યો ને ધીમે ધીમે એ શુભરાગ ઘટવા લાગ્યો. હિંસા આદિનો તીવ્ર અશુભરાગ આવ્યો ને ધીમે ધીમે ઘટવા લાગ્યો. એ રીતે પુણ્ય-પાપના ભાવો વાઈની પેઠે વધે-ઘટે છે, કાયમ રહેનારા એકરૂપ ભાવ નથી, અધ્રુવ છે ને જાણનાર-દેખનાર ચૈતન્યપ્રભુ ધ્રુવ છે. આમ જાણીને આસ્રવોથી નિવર્તે છે—એમ કહેવું છે. જ્ઞાયકભાવથી ભરેલો ચૈતન્યમાત્ર પ્રભુ ધ્રુવ છે ને આસ્રવો અધ્રુવ છે એમ ભેદજ્ઞાન કરીને ધ્રુવમાં જેટલો એકાગ્ર થાય છે એટલો અધ્રુવ એવા આસ્રવોથી નિવર્તે છે. પહેલા બોલમાં કહ્યું કે જેટલો અવિરુદ્ધભાવમાં પ્રવર્તે છે એટલો વિરુદ્ધ એવા આસ્રવભાવોથી નિવર્તે છે.

## આસ્રવો અનિત્ય છે

હવે ત્રીજો બોલ કહે છે કે જેમ ટાઢીયો તાવ અને ઊનીયો તાવ એક પછી એક હોય તેમ આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે. પુણ્ય વખતે પાપ નથી ને પાપ વખતે પુણ્ય નથી તેથી આસ્રવો અનિત્ય છે. બીજા બોલમાં એમ કહ્યું હતું કે શુભાશુભભાવો વધતા-ઘટતા થાય છે ને અહીં ત્રીજા બોલમાં કહે છે કે દયા-દાન આદિનો શુભભાવ પલટીને એકદમ અશુભભાવ આવે અને કામ ક્રોધ આદિનો અશુભભાવ પલટીને શુભ આવે છે. પુણ્યનો આવેશ આવ્યો ત્યારે પાપ નથી ને પાપનો આવેશ આવ્યો ત્યારે પુણ્ય નથી, તેથી અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી આસ્રવો અનિત્ય છે. ભગવાન આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ છે તેથી જીવ નિત્ય છે. એ રીતે નિત્ય એવા વિજ્ઞાનઘન સ્વભાવમાં જેટલો આવે છે એટલો અનિત્ય એવા

અંતર ચતુર્દસ ભેદ બાહિર સંગ દસધાતૈં ટલૈં,
પરમાદ તજિ ચૌકર મહી લખિ સમિતિ ઇર્યાતૈં ચલૈં; –શ્રી છઢાળા

આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો વિજ્ઞાનઘન સ્વભાવમાં સ્થિર થતો જાય છે. બંનેનો એક જ કાળ છે. ભગવાન આત્મામાં જામતો જાય છે એટલો આસ્રવોથી નિવર્તે છે ને જેટલો આસ્રવોથી નિવર્તે છે એટલો આત્મામાં જામતો જાય છે.

## આસ્રવો અશરણ છે

હવે ચોથો બોલ કહે છે કે જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય છે. એ રાખ્યું ન રહે. આહાહા! સંતો તો વીતરાગી છે. તેમણે તો વીતરાગભાવે દૃષ્ટાંતથી જગતને સમજાવ્યું છે. કહે છે કે જેમ વીર્ય છૂટી જાય તે જ ક્ષણે દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે તેમ કર્મોદય છૂટી જાય તે જ ક્ષણે આસ્રવો છૂટી જાય છે, કોઈથી રાખ્યા રાખી શકાતા નથી. કોઈ કહે ખૂબ શુભભાવ કરો, આત્માને શરણ થશે, તો કહે કે જેમ વીર્ય છૂટી જતાં દારૂણ કામના સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી તેમ કર્મના ઉદયે શુભાશુભભાવ થયા છે તે કર્મનો ઉદય છૂટી જતાં આસ્રવો નાશ પામી જાય છે, કોઈથી રોકી શકાતા નથી. માટે આસ્રવો અશરણ છે. ભગવાન આત્મા તો આપોઆપ રક્ષિત એવો સહજ ચિત્શક્તિરૂપ હોવાથી જીવ જ શરણસહિત છે. કાયમ ટકનારો ત્રિકાળ ચિત્શક્તિમાત્ર જીવ જ શરણસહિત છે.

## આસ્રવો દુઃખરૂપ છે

હવે પાંચમો બોલ કહે છે કે આસ્રવો એટલે કે શુભ-અશુભભાવ સદાય આકુળ સ્વભાવવાળા છે. ભગવાનની ભક્તિનો ભાવ પણ આકુળ સ્વભાવવાળો છે તેથી તેઓ દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી તેઓ દુઃખરૂપ છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા છે તેથી શુભભાવ શુદ્ધતાનું કારણ કેમ હોય? સદાય નિરાકુળસ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. સદાય આનંદ સ્વભાવવાળો જીવ જ સુખરૂપ છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો પણ તે દુઃખરૂપ છે.

## આસ્રવો દુઃખફળરૂપ છે

આસ્રવો-શુભ ને અશુભભાવ ભવિષ્યકાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. આસ્રવથી પુદ્‌ગલપરિણામ બંધાશે ને તેના ફળના સંયોગમાં રાગ-દ્વેષ થશે. તેથી આસ્રવો દુઃખફળરૂપ અર્થાત્ તેમનું ફળ દુઃખ છે. શુભ આસ્રવથી અનુકૂળ સંયોગ ને અશુભ આસ્રવથી પ્રતિકૂળ સંયોગ ભવિષ્યમાં આવશે ને સંયોગના લક્ષે આકુળતા જ ઉત્પન્ન થશે. પ્રતિકૂળતાના સંયોગમાં લક્ષ જતાં દ્વેષ થશે ને અનુકૂળતાના સંયોગમાં લક્ષ જતાં રાગ થશે, એટલે દુઃખ થશે. શુભભાવ

> જગ-સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં;
> ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં. ૨. –શ્રી છઢાળા

આગામીકાળમાં આકુળતા ઉત્પન્ન કરનારા પુણ્યબંધનો હેતુ-નિમિત્ત છે ને પુણ્યબંધના ફળમાં અનુકૂળ સંયોગો પ્રાપ્ત થતાં તેના લક્ષે દુ:ખ થશે તેથી શુભભાવ દુ:ખફળરૂપ છે. વર્તમાનમાં જે પુણ્ય-બંધન થાય તેનો હેતુ શુભભાવ છે ને તે પુણ્યકર્મનો ઉદય આવતા સંયોગના લક્ષે દુ:ખ જ થશે. તેથી આસ્રવો વર્તમાન તો દુ:ખરૂપ છે પણ તેના ફળમાં ભવિષ્યમાં પણ દુ:ખ આવશે, આનંદ નહીં આવે. જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ છે એટલે કે કોઈ પણ કર્મબંધનો હેતુ જીવ નથી, તીર્થંકરગોત્ર બંધાય તેમાં જીવ હેતુ નથી—શુભભાવ હેતુ છે ને શુભભાવ તે જીવ નથી. જે જીવ છે તે સમસ્ત કર્મબંધનનો અહેતુ છે. આહારક શરીરની પ્રકૃતિ બંધાય તેનો જીવ અહેતુ છે. ૧૪૮ પ્રકૃતિનો જીવ અહેતુ છે. ગાથા ૧૦૫માં પણ કહ્યું છે કે ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મને નિમિત્તભૂત નથી. જેનો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે એવો જીવ પુદ્‌ગલકર્મનું નિમિત્ત થાય જ નહીં. આહાહા ! આ તો ધીમેથી ઓગાળવા જેવું છે. જીવ જ પુદ્‌ગલ-પરિણામનો અહેતુ હોવાથી અદુ:ખફળ છે—દુ:ખફળરૂપ નથી. એટલે કે શુભભાવનું ફળ દુ:ખ છે ને જીવનું ફળ ભવિષ્યમાં આનંદરૂપ છે. જીવ વર્તમાન આનંદરૂપ છે ને કોઈપણ પુદ્‌ગલ કર્મપ્રકૃતિનો અહેતુ હોવાથી ભવિષ્યમાં પણ સુખફળરૂપ છે. આનંદના ભાવથી ભવિષ્યમાં આનંદ આવશે ને આસ્રવભાવથી ભવિષ્યમાં દુ:ખ આવશે.

આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ એટલે કે ઉપર કહ્યા પ્રમાણે છ બોલથી આસ્રવો ને આત્માનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા એટલે કે જેના કર્મના ફળ અભાવરૂપ થઈ ગયા છે એવો તે આત્મા, એટલે કે જ્યાં ભગવાનનો પાક આવ્યો ત્યાં કર્મનો પાક છે જ નહીં એવો તે આત્મા જેમ જથ્થાબંધ વાદળા વિખરાઈ જતા સૂર્યનો પ્રકાશ અમર્યાદિત વિસ્તારમાં ફેલાઈ જાય છે તેમ સ્વાભાવિકપણે શક્તિઓમાંથી વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ સ્વભાવમાં એકાગ્ર થતો જાય છે—વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે. જ્ઞાનાનંદ સ્વભાવ ખીલતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે અને જેમ જેમ આસ્રવોથી નિવૃત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. જેટલો સમ્યક્ પ્રકારે એટલે કે ભાષામાં ધારી રાખ્યું હતું કે આસ્રવ આમ છે—એમ નહીં પણ યથાર્થપણે આસ્રવથી નિવર્તે છે તેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાન ને આસ્રવોથી નિવૃત્તિને સમકાળપણું છે. (ક્રમશ:)

છ્યાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશનકો,
લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસનકો; –શ્રી છઢાળા



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

**धम्ममधम्मं दव्वं, गमणट्ठाणाण कारणं कमसो ।**
**जीवाण पुग्गलाणं, बिण्णि वि लोगप्पमाणाणि ॥२१२॥**

અર્થ :—જીવ અને પુદ્ગલ, એ બંને દ્રવ્યોને જે અનુક્રમે ગમન અને સ્થિતિનાં સહકારીકારણ છે, તે ધર્મ અને અધર્મદ્રવ્ય છે. તે બંનેય લોકાકાશપ્રમાણ પ્રદેશને ધારણ કરે છે.

ભાવાર્થ :—જીવ-પુદ્ગલોને ગમનમાં સહકારીકારણ તો ધર્મદ્રવ્ય છે તથા સ્થિતિમાં સહકારીકારણ અધર્મદ્રવ્ય છે; અને તે બંને લોકાકાશપ્રમાણ છે.

હવે, આકાશદ્રવ્યનું સ્વરૂપ કહે છે :—

**सयलाणं दव्वाणं, जं दादुं सक्कदे हि अवगासं ।**
**तं आयासं दुविहं लोयालोयाण भेएण ॥२१३॥**

અર્થ :—જે સમસ્ત દ્રવ્યોને અવકાશ આપવામાં સમર્થ છે તે આકાશદ્રવ્ય છે અને તે લોક તથા અલોકના ભેદથી બે પ્રકારનું છે.

ભાવાર્થ :—જેમાં સર્વ દ્રવ્યો રહે-એવા અવગાહનગુણને જે ધારે છે તે આકાશદ્રવ્ય છે, જેમાં (પોતાસહિત બીજાં) પાંચ દ્રવ્યો રહે છે તે તો લોકાકાશ છે તથા જેમાં આકાશ સિવાય બીજાં અન્ય દ્રવ્યો નથી તે અલોકાકાશ છે. એ પ્રમાણે આકાશદ્રવ્યના બે ભેદ છે.

હવે, 'આકાશમાં જેમ સર્વ દ્રવ્યોને અવગાહ આપવાની શક્તિ છે તેવી અવગાહ આપવાની શક્તિ બધાંય દ્રવ્યોમાં છે' એમ કહે છે :—

**सव्वाणं दव्वाणं, अवगाहणसत्ति अत्थि परमत्थं ।**
**जह भसमपाणियाणं, जीवपएसाण जाण बहुयाणं ॥२१४॥**

અર્થ :—બધાંય દ્રવ્યોમાં પરસ્પર અવગાહ આપવાની શક્તિ છે એમ નિશ્ચયથી

**શુચિ જ્ઞાન-સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં, લખિકૈં ધરૈં,**
**નિર્જંતુ થાન વિલોકિ તન-મલ મૂત્ર શ્લેષમ પરિહરૈં. ૩. —શ્રી છઢાળા**

તમે જાણો. જેમ, ભસ્મ અને જલમાં (પરસ્પર) અવગાહનશક્તિ છે; તેમ જીવના અસંખ્યાતપ્રદેશોને પણ જાણો.

ભાવાર્થ :—જેમ પાત્રમાં જલ ભરી તેમાં ભસ્મ નાખીએ તો તે તેમાં સમાય છે, વળી તેમાં સાકર નાખીએ તો તે પણ સમાય છે, અને તેમાં સોંય ચોંપીએ તો તે પણ તેમાં સમાય છે,—એમ અવગાહનશક્તિ સમજવી.

એકબીજાને પરસ્પર અવગાહ આપે એવી સામાન્ય અવગાહનશક્તિ તો બધા જ દ્રવ્યમાં છે. જો બધા દ્રવ્યોમાં અવગાહન આપવાની શક્તિ ન હોય તો એક ક્ષેત્રમાં છએ દ્રવ્યો કેમ રહી શકે ? પરંતુ આકાશમાં એવી વિશેષ અવગાહનશક્તિ છે કે તે એકસાથે સમસ્ત દ્રવ્યોને અવગાહન આપે છે. સમસ્ત દ્રવ્યોને એક સાથે—અવગાહના આપે—એવો સ્વભાવ તો આકાશનો જ છે. ધર્માસ્તિકાય તો ગતિનું કારણ છે પરંતુ તે સમસ્ત દ્રવ્યોને અવગાહન આપે એવો તેનો સ્વભાવ નથી. જેમ, ભસ્મ અને પાણી એકબીજાને જગ્યા આપે છે, ભસ્મ ભરેલી હોય તેમાં પાણી નાખો તો સમાઈ જાય છે; તે જ પ્રમાણે જીવના અસંખ્ય પ્રદેશોમાં ત્યાં બીજો જીવ પણ રહી શકે છે, બીજા પરમાણુ, કાલાણુ આદિ દ્રવ્ય પણ રહી શકે છે. આ પ્રમાણે સમસ્ત દ્રવ્યોમાં એવો અવગાહન સ્વભાવ છે કે એકક્ષેત્રમાં રહેલાને કોઈ કોઈને બાધા કરતા નથી. આકાશ બધાજ દ્રવ્યોને રહેવાનું સ્થાન આપે છે તેમ છતાં અન્ય દ્રવ્યો પણ પરસ્પર અવગાહન આપે છે.

જેમ, કોઈ પાત્રમાં પાણી ભરીને તેમાં ભસ્મ નાખવામાં આવે તો તે તેમાં સમાઈ જાય છે તથા તેમાં સાકર નાખો તો તે પણ સમાઈ જાય છે અને તેમાં સોઈ ચોંપો તો તે પણ સમાઈ જાય છે—આ પ્રકારે અવગાહનશક્તિ જાણવી જોઈએ.

અહીં કોઈ પ્રશ્ન કરે કે બધાંય દ્રવ્યોમાં અવગાહનશક્તિ છે તો એ (અવગાહશક્તિ) આકાશનો અસાધારણ ધર્મ કેવી રીતે ઠર્યો?

તેનું સમાધાન—જોકે પરસ્પર અવગાહ તો બધાંય દ્રવ્યો આપે છે તથાપિ આકાશદ્રવ્ય સર્વથી મોટું છે; તેથી તેમાં બધાંય દ્રવ્યો સમાય છે એ જ તેની અસાધારણતા છે.

जदि ण हवदि सा सत्ती, सहावभूदा हि सव्वदव्वाणं।
एक्केकास पएसे, कह ता सव्वाणि वट्टंति ॥२१५॥

સમ્યક્ પ્રકાર નિરોધ મન-વચ-કાય, આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ ઉપલ ખાજ ખુજાવતે; –શ્રી છઢાળા

અર્થ :—જો સર્વ દ્રવ્યોને સ્વભાવભૂત અવગાહનશક્તિ ન હોય તો એક-એક આકાશના પ્રદેશમાં સર્વ દ્રવ્ય કેવી રીતે રહે?

ભાવાર્થ :—એક આકાશના પ્રદેશમાં અનંત પુદ્‌ગલ પરમાણુ (દ્રવ્ય) રહ છે. એક જીવનો પ્રદેશ, એક ધર્મદ્રવ્યનો પ્રદેશ, એક અધર્મદ્રવ્યનો પ્રદેશ અને એક કાલાણુદ્રવ્ય—એ પ્રમાણે સર્વ રહે છે. હવે, એ આકાશનો પ્રદેશ એક પુદ્‌ગલપરમાણુ બરાબર છે. જો અવગાહનશક્તિ ન હોય તો (એ પ્રમાણે) શી રીતે રહે?

જુઓ, વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય પણ આ વાત થઈ શકતી નથી. અહીં કોઈ પ્રશ્ન કરે કે જો બધા જ દ્રવ્યમાં અવગાહન શક્તિ હોય તો તે અવગાહનશક્તિ આકાશનો અસાધારણધર્મ કેવી રીતે સિદ્ધ થયો ?

તેનું સમાધાન આ પ્રમાણે છે કે જો કે પરસ્પર અવગાહ તો બધા દ્રવ્યો આપે છે, તથાપિ આકાશદ્રવ્ય બધાથી મોટું છે; માટે તેમાં સર્વ દ્રવ્ય સમાઈ જાય છે, આ જ તેની અસાધારણતા છે.

આકાશમાં એવો વિશેષ અવગાહન સ્વભાવ છે કે જગતના સમસ્ત પદાર્થોને એક સાથે અવગાહન આપે છે અને અન્ય દ્રવ્ય પણ પરસ્પર અવગાહન આપે છે. આકાશના એક જ પ્રદેશમાં અનંત જીવોના અનંત-અસંખ્યાત પ્રદેશ રહે છે એટલે એક આકાશના પ્રદેશમાં અનંત જીવોના અનંત પ્રદેશ અલગ-અલગ રહે છે. જગતનો કોઈ પ્રદેશ એવો નથી કે જ્યાં સમસ્ત જીવોના અનંત પ્રદેશ ન હોય. એક જીવના તો અસંખ્ય પ્રદેશ જ છે અને આકાશના એક પ્રદેશમાં તેનો અસંખ્યાતમો ભાગ રહે છે. એક આકાશના પ્રદેશમાં એક જીવના અસંખ્યાત પ્રદેશો રહે છે તો અનંત જીવના કેટલા થશે ? અસંખ્યાતથી પણ અનંતગુણા પ્રદેશ રહે છે.

જુઓ, એક જીવના પ્રદેશ લોકપ્રમાણ અસંખ્યાત છે. જ્યારે કેવળી ભગવાન લોકપૂરણ સમુદ્‌ઘાત કરે છે, ત્યારે આકાશના એક પ્રદેશમાં તે જીવનો એક પ્રદેશ રહે છે. હવે કોઈ જીવ લોકનો અડધો ભાગ રોકે તો આકાશના એક પ્રદેશમાં તેના બે પ્રદેશ રહે; આ પ્રમાણે ગણતરી કરીએ તો લોકના અસંખ્યાતમાં ભાગમાં જીવ રહે છે, ત્યારે આકાશના એક પ્રદેશમાં જીવના અસંખ્ય પ્રદેશ રહે છે. તે એક જીવના અસંખ્ય એવા અનંતા જીવોના દરેકના અસંખ્ય પ્રદેશ એક જ આકાશ પ્રદેશમાં રહે છે. માટે એક આકાશ પ્રદેશમાં સમસ્ત જીવોના અનંત પ્રદેશો રહે છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ અસુહાવને,**
**તિનમેં ન રાગ-વિરોધ પંચેન્દ્રિય-જયન પદ પાવને. ૪. –શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૭, ગાથા ૯)

સર્વત્ર પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કે જેમને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે તે એમ કહે છે કે ભાઈ ! જગતમાં તું એક જ છો ?–કે બીજા અનંત પદાર્થ છે ? બીજા અનંત પદાર્થ છે અને તે અનંત પદાર્થ પોતાનો સ્વભાવ લઈને રહેલા છે. તેથી તેનો સ્વભાવ તેનામાં તે તારો સ્વભાવ તારામાં. એનો સ્વભાવ તને મદદ કરે કે નુકસાન કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. તેવી રીતે તેના સ્વભાવને તું મદદ કરે, તેની સેવા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. અરે, બાપા ! શરીર તે પરવસ્તુ ! તારે ને એને સેઢે સીમાડે પણ ક્યાંય મેળ નથી ! એ વાત હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

दिग्देशेभ्यः खगा एत्य संवसन्ति नगे नगे ।
स्वस्वकार्यवशाश्नांति देशे दिक्षु प्रगे प्रगे ।।९।।
દિશા-દેશથી આવીને, પક્ષી વૃક્ષે વસન્ત,
પ્રાતઃ થતાં નિજ કાર્યવશ, વિવિધ દેશ ઉડન્ત. ૯.

જુદી જુદી દિશાએથી ને જુદા-જુદા દેશના પક્ષીઓ એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે છે. સવાર પડે ત્યાં બધા પોતપોતાના કાર્યવશે જુદે જુદે સ્થળે ઊડીને જતાં રહે છે. જ્યાંથી આવ્યા હતા ત્યાં જ જવું એમ પણ પક્ષીને હોતું નથી. આવ્યા હોય પૂર્વમાંથી ને ઊડીને જાય પશ્ચિમમાં ! આવ્યા હોય એક દેશમાંથી ને જાય બીજા દેશમાં ! ક્યાંથી આવે ને ક્યાં જાય એનો મેળ હોતો નથી.

કોઈ પક્ષી પૂર્વમાંથી આવ્યું હોય, કોઈ પક્ષી અંગ, બંગ આદિ દૂરના દેશથી આવ્યું ને એક વૃક્ષ ઉપર આવીને રાતવાસો કરે. સવાર પડતાં ઈચ્છાનુસાર ગમે ત્યાં ચાલ્યા જાય છે. તેવી રીતે સંસારી જીવ નરકાદિ ચાર ગતિમાંથી અહીં આવીને ભેગા મળે છે. પત્ની આવી હોય થોરમાંથી ને પતિ આવ્યો હોય બોરમાંથી ! પોતપોતાની યોગ્યતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર અહીં ભેગા થઈ જાય, બાકી બેને કાંઈ લેવા ન દેવા ! એકબીજાને કાંઈ લેવા ન દેવા ! પણ જેમ પક્ષી ૧૨ કલાક ભેગા બેસે તેમ આ બે જણા જ્યાં ૫-૨૫ વર્ષ ભેગા રહે ત્યાં માને કે આ બધા મારા છે !

સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વંદના જિનદેવકો,
નિત કરૈં શ્રુતિરતિ કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવકો; –શ્રી છઢાળા

આહાહા! ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો! છતાં મારા છોકરા ને મારી સ્ત્રી! આવા ને આવા ભ્રમણાના પોટલા ઊભા કરીને પરદ્રવ્યના સ્વભાવમાં મને ઠીક પડે છે એમ માનીને ચાર ગતિમાં રખડી રહ્યો છે. હું એક આત્મા જ્ઞાન ને આનંદકંદ છું. મારો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છે, મારું જ્ઞાન ને મારો આનંદ મારામાંથી આવે છે, કાંઈ કોઈ નિમિત્ત આદિમાંથી આવતું નથી—આવું જેને પોતાના સ્વરૂપનું ભાન નથી તે ભ્રમણાને લઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે.

એક ઘરમાં દસ માણસ હોય, તેમાં કોઈ નરકમાંથી આવ્યો હોય, કોઈ ઢોરમાંથી આવ્યો હોય, કોઈ પંખીમાંથી આવ્યો હોય, કીડી મરીને પત્ની થઈ હોય ને ભૂતમાંથી આવીને પતિ થયો હોય. બધા એક ઘરમાં આવીને પોતાના આયુષ્યપર્યંત રહે છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો હોય એટલો કાળ રહે છે. કોઈ કોઈને લઈને રહ્યા નથી કે કોઈ કોઈના થઈને રહ્યા નથી. માટે એ મારા છે એના લઈને મને સુખદુઃખ થાય છે એવી માન્યતાને છોડી દે. કોઈ નથી તારા ને તું નથી એનો! તારો તું ને એના ઈ! પણ ભ્રમણાએ મારી નાખ્યા છે ને!

પોતપોતાના કારણે ભેગા થયા ને પાંચ-પચ્ચીસ વર્ષ આયુષ્ય પ્રમાણે ભેગા રહ્યા ને આયુષ્ય પૂરું થતાં સૌને છોડીને ચાલ્યા જાય. જેવા ભાવ કર્યા હતા તેવા કર્મ બાંધ્યા ને મરીને જુદી જુદી ગતિમાં ચાલ્યા જાય. કોઈ નરકમાં જાય ને કોઈ કીડીમાં જાય, ન કાંઈ લેવા ન દેવા!

અહીં તો સ્વ-પર પદાર્થ ભિન્ન છે ને એને એક માનવા મિથ્યાત્વ છે એમ બતાવે છે. સ્વ ને પર પદાર્થ તદ્દન ભિન્ન છે. એને મારા માનવા તે એનાથી સુખદુઃખ થાય એ ભ્રમણા મિથ્યાત્વનું પાપ છે.

એક ભાણે જમનારા શ્રેણિક, અભયકુમાર ને શ્રેણિકની રાણીઓ, શ્રેણિક નરકે ગયા, અભયકુમાર અને કેટલીક રાણીઓ સ્વર્ગે ગઈ. ક્યાં અહીં ભેગા ને ક્યાં હવે કોઈને લેવા-દેવા! સીતાજી, રામ ને લક્ષ્મણ! અહીં ત્રણે ભેગા રહેનારા, વનમાં સાથે રહેનારા ને મરીને લક્ષ્મણ નરકે, સીતાજી સ્વર્ગે ને રામચંદ્રજી મોક્ષે ગયા! સૌના પરિણામે સૌ ગયા, સૌ સ્વતંત્ર, કોઈને લેવા-દેવા નથી.

બે ભાઈ હતા. નાનાભાઈને રોગ થયો. મોટાએ તેની બહુ સેવા કરી ને ઈંડા

**જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અંબર-આવરન,**
**ભૂમાહિં પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન. ૫.** –શ્રી છઢાળા

ખવરાવ્યા. મોટો મરીને નરકે ગયો ને નાનો મરીને પરમાધામી થયો. ને નારકીને-મોટાભાઈના જીવને મારવા આવ્યો ! આવું તો અનંતવાર જીવે ભોગવ્યું છે હોં !! ભાઈ, તું તારા દ્રવ્યની નજર કર ને ! તારું દ્રવ્ય આનંદ ને જ્ઞાનના ભંડારથી ભરેલી વસ્તુ છે તેનો તો વિશ્વાસ કર ! હું આત્મા છું ને આ પર પદાર્થ સાથે મારે કાંઈ સંબંધ નથી એમ એકવાર તો તારી સામે જો.

અહીં કહે છે કે પોતપોતાના કર્મ અનુસાર આયુ પૂર્ણ થતાં છોકરો સ્વર્ગમાં જાય ને બાપ નરકમાં જાય. આહાહા ! શ્રેણિકરાજા ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં ગયા ને અભયકુમાર સ્વર્ગમાં ગયા. કોણ કોનું કરી દ્યે ? અરે, તું કોણ ને પર કોણ—એની ખબર નથી. પરચીજ એને કારણે આવીને ઊભી રહી ને એને કારણે એની મુદતે ચાલી જશે. એમાં કોણ કોનું કરે ?

અરે, બાપુ ! જેમ છે તેમ તને કેમ ભાસતું નથી ! તને તારાથી જુદા છે તે જુદા કેમ ભાસતા નથી ? જુદા છે તે જુદા ભાસતા નથી તો તને સુખ થાય શી રીતે ? માટે હે ભદ્ર ! સ્ત્રી-પુત્ર આદિને તું હિતરૂપ માની રહ્યો છે પણ તે સર્વથા ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેમનામાં તારી આત્મબુદ્ધિ કેમ છે ? જો સ્ત્રી આદિ તારા હોય તો તારા રહેવા છતાં તેઓ અન્ય અવસ્થાને કેમ પ્રાપ્ત થાય ? જો તારા હોય તો તારી હયાતીમાં અવસ્થાંતર થઈને ચાલ્યા કેમ જાય ? એટલો વિચાર તો કર ! માટે મોહજનિત આવેશને હટાવીને તું અને પર જુદે જુદા છો એમ દેખ ! તો તને સ્વ-પર વિવેક થાય ને દુઃખ મટીને સુખ પ્રગટ થાય. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્ય-ભાવના)

એક જીવના સર્વ પ્રદેશ આકાશના એક પ્રદેશમાં રહી શકતા નથી. જીવ, ઓછામાં ઓછા અસંખ્ય પ્રદેશ તો રોકે છે પણ અલગ-અલગ બીજા અનેક જીવોના મળીને અનંત પ્રદેશ એક આકાશ પ્રદેશમાં રહે છે.

આમ એક આકાશ પ્રદેશમાં જીવોના અનંત પ્રદેશ; પરમાણુઓના અનંત પ્રદેશ; એક કાલાણુ (એક પ્રદેશ); ધર્માસ્તિકાયનો એક પ્રદેશ; અધર્માસ્તિકાયનો એક પ્રદેશ; આ પ્રમાણે લોકમાં એક-એક પ્રદેશમાં છએ દ્રવ્ય સ્થિત છે.—આમ દરેક દ્રવ્યમાં પણ પરસ્પર અવગાહનશક્તિ છે. લોકનો આવો સ્વભાવ છે અને તેને જાણવાનો જીવનો સ્વભાવ છે. (ક્રમશઃ) ❋

**ઇક બાર દિનમેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાનમેં,**
**કચલોંચ કરત, ન ડરત પરિષહસોં, લગે નિજ ધ્યાનમેં;** **–શ્રી છઢાળા**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આ આત્મા છે તે કોને અનુભવે? પુણ્ય-પાપને અનુભવે તે અધર્મ છે. શરીર, મન, વાણી રૂપી છે, તેને તો અનુભવતો નથી; આત્મા શુદ્ધ છે તેનો અનુભવ કરવો તે ધર્મ છે.

શ્રીગુરુએ કહ્યું કે તું આનંદઘન ધ્રુવ સ્વભાવી છો—એમ તારું નિધાન બતાવ્યું. નિર્મળાનંદ છો, પુણ્ય-પાપ વિકાર છે, એવું સ્વરૂપ ઓળખાવ્યું, માટે ગુરુએ આત્મા આપ્યો એમ કહ્યું છે. રત્નત્રયનો ભંડાર આત્મા છે એવું નિધાન આપ્યું. પોતે સાક્ષીસ્વરૂપ છે એમ વિચારે તો ધર્મ પામે. શુદ્ધ ચિદાનંદ તારું નિધાન છે, તેને સંભાળી સુખી થાઓ. અહીં સંભાળવાથી સુખી થવાનું કહ્યું. હું જાણનાર છું એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સુખનું કારણ છે.

જેમ કોઈ સ્ત્રીએ પોતાની પથારી ઉપર લાકડાની પૂતળીને શણગારીને સુવાડી. પતિએ જાણ્યું કે મારી સ્ત્રી સૂતી છે. તેને બોલાવે પણ બોલે નહીં. પવન નાખ્યો વગેરે સેવા કરી, આખી રાત ખુશામત કરી, પછી પ્રભાત થયું ત્યારે જાણ્યું કે મેં જૂઠી જ સેવા કરી. આ તો લાકડાની સ્ત્રી છે. તેમ શરીર લાકડાં સમાન છે; તેને તારાથી જુદું માન. દેહની ક્રિયા ને રાગની ક્રિયામાં ધર્મ નથી એમ શ્રદ્ધા કર. દેહને સાચો માની સેવે છે. શરીર, મન, વાણીમાં ધર્મ માની બેઠો છે, પછી ભાન થયું કે આ બધાં જડ છે, ત્યાં ધર્મ નથી, પુણ્ય-પાપમાં ધર્મ નથી. સ્વભાવમાં ધર્મ છે. અજ્ઞાની લોકો શરીરને ધર્મનું સાધન માને છે. હું શુદ્ધ ચિદાનંદ છું. એવા સ્વભાવનું સાધન કરે તો શરીરને સાધન કહેવાય છે. પણ ચૈતન્યમૂર્તિના ભાન વિના શરીરને સાધન માની વ્યર્થ ખેદખિન્ન થાય છે. હે ચિદાનંદ ! તું પાંચ ઇન્દ્રિયોના ચોરને પોષણ કરે છે. ઇન્દ્રિયો સારી રાખું તો ધર્મ થાય. શરીર અનુકૂળ હોય તો જાત્રા થાય—એમ માને છે. શરીરથી પુણ્ય પણ થતું નથી, પોતાના શુભભાવથી પુણ્ય છે.

પાંચ ઇન્દ્રિયને પોષે છે પણ અતીન્દ્રિય આત્માને પોષતો નથી. શરીર સારું હોય

**અરિ મિત્ર, મહલ મસાન, કંચન કાંચ, નિંદન થુતિકરન,**
**અર્ઘાવતારન અસિ-પ્રહારનમેં સદા સમતાધરન. ૬. –શ્રી છઢાળા**

તો પરોપકારનાં કામ થાય—એમ માને છે. જેનાથી લાભ માને તેને પોતાથી એકમેક માન્યા વિના રહે નહીં. જાત્રા, જપ, તપના ભાવ પુણ્ય છે, ધર્મ નથી. પોતાના હાથથી ભાવલિંગી મુનિને આહાર આપે ત્યાં જડની ક્રિયાથી લાભ કે નુકસાન નથી, ત્યાં શુભભાવ કરે છે તેટલું પુણ્ય છે. તે ક્રિયાથી રહિત આત્માનું ભાન કરે તે ધર્મ છે. મારું સ્વરૂપ અરાગી છે, તેની રુચિ કર તો ધર્મ થાય.

આંખો સારી હોય તો અનાજને તપાસી શકાય. અનાજ સડેલું છે કે સારું છે તેને ગંધ દ્વારા બરાબર તપાસી શકાય,—એમ માની ઇન્દ્રિય સાથે એકતા કરે છે, તે મિથ્યાભાવ છે; પણ જડ ને રાગથી અધિક મારું જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન કરે તો ધર્મ થાય.

પુણ્યનો વિકલ્પ ઊઠે તે વિકાર છે. જે ભાવથી ૧૪૮ કર્મ પ્રકૃતિ બંધાય તે બંધનભાવ છે. તે આત્માનું સ્વરૂપ નથી. હે ચિદાનંદ ! તું આત્માના જ્ઞાનનો અનુભવ કરનારો છો. ઇન્દ્રિયોથી લાભ માનવારૂપ માન્યતા અથવા પાંચ ઇન્દ્રિયો સહાય કરશે, પૈસાથી લાભ થશે એવી માન્યતા અંતરરત્ન જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરેને ચોરી લ્યે છે. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ વિકાર છે, વિકારમાં લાભ માનતાં આત્મા ચોરાઈ જાય છે. તું હવે તારું જ્ઞાન ખડ્ગ સંભાળ. હું જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન તે જ્ઞાનની રમણતા કરનારો છું, દેહની ક્રિયા કે પુણ્ય-પાપની ક્રિયા મારી નથી. ઇન્દ્રિયોની રુચિ છોડો, ઇન્દ્રિયો જડ છે, તેનાથી જુદો આત્મા છે, તેનું જ્ઞાન-અનુભવન કર તો ધર્મ છે.

હે ચિદાનંદ ! પાંચ ઇન્દ્રિયોના વિષયોને તથા પુણ્ય-પાપના ભાવોને જીતો કે ફરી બળ ન પકડે ભગવાનનાં દર્શન કરવા તે પણ ઇન્દ્રિયોનો વિષય છે. ભગવાન આત્મા પુણ્ય-પાપ રહિત અતીન્દ્રિય છે. આ ઇન્દ્રિય જડ છે. પર તરફ ઝુકાવ કરે, ભક્તિ કરે કે શાસ્ત્ર વાંચે તે શુભરાગનો વિષય છે., તેને જીતી નિજરીતિની રાહમાં આવો. હે જ્ઞાનાનંદ ! તારા જ્ઞાન ને આનંદ શક્તિમાંથી પ્રગટ થશે. સ્વભાવની રીતમાં અથવા અંતરમાં આવો ધર્મનો વિષય અખંડાનંદ છે, તેને ચૂકી પરનો વિષય કર્યો તે બંધનું કારણ છે. પુણ્ય-પાપની પ્રવૃત્તિ તે પરરીતિ છે, તે આત્માની રીતિ નથી. તમારા સ્વભાવમાં આવો, અંતરમાં કલ્યાણસ્વરૂપ આત્માની પૂર્ણદશાને પામી રાજ્ય કરો, પુણ્ય-પાપમાં તારું રાજ્ય નથી.

**તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રતનત્રય સેવૈ સદા,**
**મુનિ સાથમેં વા એક વિચરૈ, ચહૈ નહિં ભવસુખ કદા;** –શ્રી છઢાળા

હે ચિદાનંદ ! તમે રાજા છો, દર્શન-જ્ઞાન વજીર છે. રાજ્યના સ્થંભ છે, અનંતા ગુણો તારી વસ્તી છે. બૈરા-છોકરાં તારા નથી. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સ્થંભ છે, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન વગેરે અનંતા ગુણો આત્માની વસ્તી છે. પુણ્ય-પાપ વિકાર છે, તે આત્માની વસ્તી નથી, તે તો અપરાધ છે. આત્માને અનુભવી તમારી રાજધાનીનો વિલાસ કરો. જ્ઞાન-દર્શનથી આત્મા લક્ષ્ય થઈ શકે છે, તેથી તેને વજીર કહ્યા. તેના વડે આત્મા અનુભવી શકાય છે. પુણ્ય-પાપ તારી વસ્તી નથી ને તું તેનો રાજા નથી. સ્વતંત્રપણે કરે તે કર્તા, કર્તાનું ઈષ્ટ તે કર્મ. સ્વતંત્રપણે વીતરાગી પર્યાયનો કર્તા આત્મા છે. તે કર્તા છે ને વીતરાગપણે થવું તે તેનું કાર્ય છે, વિકારાદિ પરિણામ તેનું કાર્ય નથી. ઔદયિકભાવને તત્ત્વાર્થસૂત્રમાં સ્વતત્ત્વ કહેલ છે. પર્યાયમાં વિકાર તારા કારણે થાય છે. કર્મને લીધે નહીં. તે બતાવવા તેમ કહ્યું છે. અહીં કહે છે કે તે તારી વસ્તી નથી, તું પુણ્ય-પાપનો સ્વામી નથી. અજ્ઞાની માને છે કે હું પુણ્યનો રાજા અથવા સ્વામી છું. દેહ, મન, વાણી પૈસા વગેરે જડનો સ્વામી થાય તે તો મિથ્યાદૃષ્ટિ છે, પણ વિકારનો સ્વામી થાય તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

એક પરમાણુનો ને રાગનો સ્વામી થઈશ તો નિગોદમાં જઈશ. તારે ધર્મ કરવો હોય તો આ સમજ ને અનંતશક્તિનો ભરોસો કર, તેનો વિશ્વાસ કર.

શ્રી દીપચંદજી ગૃહસ્થ હતા. અંતરનિધિ ખોલી બતાવે છે. દીકરીને આણું વળાવે તેમાં કરિયાવર આપે છે, અહીં આત્માની ઋદ્ધિ બતાવે છે, તેને સાંભળી સુખી થા.

પ્રશ્ન :—એ લૌકિક ચીજો પ્રત્યક્ષ દેખાય છે, પણ આત્મા પ્રત્યક્ષ દેખાતો નથી.

સમાધાન :—તેને જોનાર કોણ છે ? જ્ઞાન વિના આ ચીજ છે એમ કોણે જાણ્યું ? જેની સત્તામાં આ જણાણું તે જ્ઞાન છે. આ છે તે પ્રકાશમાં જણાણું ? જડ ન જાણે, વિકાર ન જાણે પણ જ્ઞાન જાણે છે, છતાં મને જણાતું નથી એમ કહે છે. જ્ઞાન-દર્શન ન હોય તો રાગ થયો, નવો નવો વિકાર થયો, શરીરમાં રોગ આવ્યો કે ગયો તે કોણ જાણે ? તે બધું ચૈતન્યસત્તામાં જણાય છે. તેની જે પ્રતીતિ કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

(ક્રમશઃ) ❋



**યોં હૈ સકલસંયમ-ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ,**
**જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ. ૭.**　　　**–શ્રી છઢાળા**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## નિશ્ચય શ્રદ્ધા—જ્ઞાન કેમ પ્રગટે ?

કેટલી ભક્તિથી આત્મા સમજાય ? ભક્તિથી આત્મા ન સમજાય. કેટલા ઉપવાસથી આત્મા સમજાય ? ઉપવાસના શુભ પરિણામથી આત્મા ન સમજાય. કોઈ પણ શુભ પરિણામ તે સમ્યગ્જ્ઞાનનો વિધિ નથી, પણ સ્વભાવના લક્ષે યથાર્થ શાસ્ત્રના અર્થ સમજે ત્યારે તો જ્ઞાનનો વ્યવહાર સુધરે છે. આ જ્ઞાનનું આચરણ પહેલાં સુધર્યા વિના આચરણ સુધરે નહીં. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના વિધિને જ જાણે નહીં તો સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? ઘણા જીવો આચરણના પરિણામ સુધારીને તેને જ્ઞાનનો ઉપાય માને છે, તેવા જીવો સમ્યગ્જ્ઞાનના ઉપાયને સમજ્યા નથી, વ્યવહારનો નિષેધ કરીને પરમાર્થસ્વભાવ સમજ્યા વગર વ્યવહારનું સાચું જ્ઞાન પણ થાય નહીં.

કષાયની મંદતા વડે મિથ્યાત્વની મંદતા થાય તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય નહીં. પણ સાચી સમજણ તરફ પ્રયત્નથી જ વ્યવહાર સમ્યક્ત્વ થાય છે. પરંતુ એ વ્યવહાર સમ્યક્ત્વ નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે અટકે તો સમ્યગ્દર્શન થાય નહીં. જ્યારે ચિન્માત્ર સ્વભાવના આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યારે જ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે છે. ચૈતન્યની શ્રદ્ધા ચૈતન્ય વડે જ થાય છે—રાગ વડે કે પરથી થતી નથી.

બહારની ક્રિયાના આશ્રયે કષાયની મંદતા થતી નથી. અને કષાયની મંદતાથી પર્યાયની સ્વતંત્રતાની શ્રદ્ધા થતી નથી.

દયાદિના પરિણામનો પુરુષાર્થ તો કરે, પણ વર્તમાન પર્યાય સ્વતંત્ર છે એવી વ્યવહાર શ્રદ્ધાનો પ્રયત્ન તેનાથી જુદી જાતનો છે. પર જીવને કારણે કે પરદ્રવ્યોના કારણે મારા દયાદિના પરિણામ થાય અથવા કર્મને લીધે રાગાદિ થાય એવી માન્યતાપૂર્વક કષાયની મંદતા કરે પણ તે મંદ કષાયમાં વ્યવહાર શ્રદ્ધા કરવાની તાકાત નથી, તો પછી તેનાથી સમ્યગ્દર્શન તો થાય જ ક્યાંથી ?

મારા પરિણામ પરને લીધે થતા નથી, મારાથી જ હું કષાયની મંદતા કરું છું, પરને લીધે કે કર્મને લીધે મારી પર્યાયમાં રાગાદિ થતા નથી—એવી પર્યાયની સ્વતંત્રતાની

> જિન પરમ પૈની સુબુધિ છૈની, ડારિ અંતર ભેદિયા,
> વરણાદિ અરુ રાગાદિતૈં નિજ ભાવકો ન્યારા કિયા; —શ્રી છઢાળા

શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે. મિથ્યાત્વનો રસ મંદ પાડીને જેને પર્યાયની સ્વતંત્રતાની શ્રદ્ધા પણ કરવાની તાકાત નથી તે જીવને સમ્યગ્દર્શન થાય નહીં.

હજી પર્યાયની સ્વતંત્રતા માને ત્યારે મિથ્યાત્વ મંદ થાય છે અને તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે; માત્ર કષાયની મંદતા વડે મિથ્યાત્વની મંદતા થાય તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાતું નથી. કેમકે શ્રદ્ધાની પર્યાય જુદી છે, ને ચારિત્રની જુદી છે.

હજી પર્યાયની સ્વતંત્રતા માને ત્યારે મિથ્યાત્વ મંદ થાય છે અને તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે. માત્ર કષાયની મંદતા વડે મિથ્યાત્વની મંદતા થાય તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાતું નથી. કેમકે શ્રદ્ધાની પર્યાય જુદી છે, ને ચારિત્રની જુદી છે.

જડની ક્રિયા કે કર્મને લીધે આત્માના પરિણામ માને તે જીવે તો પરિણામની સ્વતંત્રતા પણ માની નથી. તે શુભભાવ કરે તોપણ તેને મિથ્યાત્વની મંદતા યથાર્થ નથી. અને તે દ્રવ્યલિંગીથી પણ હલકો છે. જેને અશુભ પરિણામ હોય એવા જીવની અત્યારે વાત નથી; પણ અહીં તો મંદ કષાયવાળા જીવોની વાત છે. જે જીવ પોતાના પરિણામની સ્વતંત્રતા જાણતો નથી તેને તો મંદકષાય હોવા છતાં વ્યવહાર શ્રદ્ધા પણ થતી નથી.

જે જીવ પર્યાયની સ્વતંત્રતા માને છે પણ પર્યાયબુદ્ધિમાં અટક્યો છે તે જીવ પણ મિથ્યાદ્રષ્ટિ છે.

અંશ સ્વતંત્ર છે એવી વ્યવહાર શ્રદ્ધા કરવાની તાકાત કષાયની મંદતામાં નથી. મારા પરિણામમાં હું અટક્યો છું તેથી જ વિકાર થાય છે—એમ અંશની સ્વતંત્રતા માને તો પોતે તેનો નિષેધ કરે. પણ જો પર વિકાર કરાવે એમ માને તો પોતે તેનો નિષેધ કેમ કરે ? નિમિત્ત કે સંયોગથી મારા પરિણામ થતાં નથી એમ અંશની સ્વતંત્રતા કબૂલ કરીને ત્રિકાળ સ્વભાવમાં તે અંશનો નિષેધ કરે છે એ જ નિશ્ચય શ્રદ્ધા—સમ્યગ્દર્શન છે.

કષાયની મંદતા તે તે સમયનું સ્વતંત્ર કાર્ય છે, છતાં દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે લાભ કે કર્મને લીધે નુકસાન માને તે જીવને વ્યવહાર શ્રદ્ધા પણ નથી, તો તે અંશનો નિષેધ કરીને ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા કેમ કરશે ? કષાયની મંદતા તો અભવી પણ અનંતવાર કરે છે. પર્યાય સ્વતંત્ર છે—એવી અંશની સ્વતંત્રતાની કબૂલાત કર્યા વગર મિથ્યાત્વનો રસ યથાર્થપણે મંદ પણ પડતો નથી.

પ્રશ્ન :—કષાયની મંદતા કે મિથ્યાત્વ રસની મંદતા—એ બંનેમાંથી કોઈ મોક્ષમાર્ગરૂપ તો નથી; તો તેમાં શું ફેર છે ?

**નિજમાહિં નિજકે હેતુ નિજકર, આપકો આપૈ ગહ્યો;**
**ગુણ-ગુણી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, મંઝાર કછુ ભેદ ન રહ્યો. ૮. –શ્રી છઢાળા**

ઉત્તર :—અહીં બંનેના પુરુષાર્થનો ફેર બતાવવો છે. પરંતુ પર્યાયની સ્વતંત્રતા કબૂલવાથી કાંઈ મોક્ષમાર્ગ થઈ જતો નથી. પર્યાયની સ્વતંત્રતા પણ અનંતવાર માની, છતાં સમ્યગ્દર્શન થયું નહિ. પણ અહીં વ્યવહારથી તે બંનેમાં જે ફેર છે તે બતાવવો છે.

કષાયની મંદતા કરવાથી કાંઈ વ્યવહાર શ્રદ્ધા થતી નથી, કેમકે તેનાથી વ્યવહાર શ્રદ્ધાનો પુરુષાર્થ જુદો છે. છે તો બંને પુણ્ય, અને બંને મિથ્યાત્વ. પરંતુ તેમાં મિથ્યાત્વના રસની અપેક્ષાએ ફેર છે.

જેમ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા અને સુદેવાદિની શ્રદ્ધા—એ બંને મિથ્યાત્વ છે, છતાં કુદેવાદિની શ્રદ્ધામાં તીવ્ર મિથ્યાત્વ છે ને સુદેવાદિની શ્રદ્ધામાં મંદ છે. એવી રીતે અહીં પણ સમજવું. બે જીવો શુભભાવ કરે છે, તેમાંથી એક જીવ પોતાની પર્યાયને સ્વતંત્ર માનતો નથી અને બીજો જીવ શાસ્ત્રાદિના જ્ઞાનથી પર્યાયની સ્વતંત્રતા માને છે, તેમાં પહેલા જીવને વ્યવહારજ્ઞાન પણ ચોખ્ખું નથી, બીજા જીવને વ્યવહારજ્ઞાન છે. આ અપેક્ષાએ બંનેના પુરુષાર્થમાં ફેર સમજવો. પરમાર્થથી તો બંને સરખા છે.

પહેલાં પર્યાયને સ્વતંત્ર સમજ્યા વગર ત્રિકાળી સ્વભાવમાં ઢળશે કોણ? વ્યવહાર શ્રદ્ધા મોક્ષમાર્ગ નથી, પણ પર્યાયની સ્વતંત્રતાનું જ્ઞાન પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ વળવા માટે પ્રયોજનભૂત છે. વર્તમાન પર્યાયની સ્વતંત્રતા નથી માનતો તે સર્વ વિભાવ રહિત ચૈતન્યને કેમ માનશે? રાગની સ્વતંત્રતા નથી માનતો તે રાગરહિત સ્વભાવ માનશે નહિ. (ક્રમશઃ) ❋

---

જીવ જે વખતે રાગ-દ્વેષના ભાવ કરે તે વખતે જ તેને તેના ફળનું-આકુળતાનું વેદન હોય છે. માટે કર્તાપણું અને ભોક્તાપણું બન્ને એકસાથે જ છે. લોકો બાહ્ય દૃષ્ટિથી જુએ છે કે આણે પાપ કર્યાં તો તે નરકમાં ક્યારે જશે? આ જૂઠું બોલે છે તો એની જીભ કેમ તરત કપાતી નથી? પણ ભાઈ! જે વખતે તે હિંસા અને જૂઠા વગેરેના ભાવ કરે છે તે વખતે જ તેના ભાવમાં આકુળતાનું વેદન હોય છે; આકુળતાનું વેદન છે તે અવગુણનું જ વેદન છે. પોતાના સુખાદિ સ્વભાવનો ઘાત કર્યો તેથી તે વખતે જ તેના ભાવમાં ફળ મળી ગયું; તે વખતે જ ગુણની શક્તિનું પરિણમન જે ઘટી ગયું તે જ તેને ઊંધું ફળ મળી ગયું; જે અંતરમાં ફળ આવે છે તે જોતો નથી અને બહારથી ફળ આવે છે તેને જ જુએ છે તે પરાશ્રયદૃષ્ટિવાળો છે. બહારથી ફળ મળવું તે વ્યવહાર છે. બહારથી ફળ કોઈ વાર લાંબા કાળે અને કોઈ વાર ટૂંકા કાળે મળે છે, પણ અંતરનું ફળ તો તરત જ-તે ક્ષણે જ મળી જાય છે.

ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં. ૧૬૧.

# મૂંઝવણ અને શાંતિ

જગતમાં તારા પાપોદયે કોઈ પ્રતિકૂળ સ્થિતિ આવી પડે, ખોટા ને મોટા આક્ષેપ આવે, દેહમાં રોગાદિ થાય, અપમાનાદિ થાય, ને તને અસહ્ય મૂંઝવણ થતી હોય, કષાયો થતા હોય, તું શાંતિ–સમાધાન માટે મુંઝાતો હો તો–

બીજા કોઈના આધારે, બીજા કોઈને પ્રસન્ન કરીને, બીજા કોઈની લાચારી કરીને, કોઈ સામે ખટપટ કે કષાય કરીને શાંતિ કે સમાધાન શોધવા કરતાં સૌથી પહેલા તારા જ્ઞાનના શરણે જઈને તેને પૂછ કે 'હે જ્ઞાન! આટલી પ્રતિકૂળતાની ભીંસ વચ્ચે તું મને શાંતિ આપીશ? હું તારા શરણે આવું–તને રીઝવું–તો તું મને આ કષાય– પ્રસંગોમાંથી ઉગારીને મારી રક્ષા કરીશ?–ને મને શાંતિ આપીશ?'

બસ, આ પ્રમાણે સૌથી પહેલાં જ તારા જ્ઞાનને પૂછી જો અને જો તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના પાડે તો જ પછી બીજા પાસે જઈને તેની લાચારી કરજે... પહેલેથી જ જ્ઞાનનો વિશ્વાસ છોડી બીજે લાચારી કરવા જઈશ મા. તારું જ્ઞાન તને શાંતિ આપવાની ના નહીં જ પાડે... કેમકે જ્ઞાન તો મહાન ઉદાર ધીર અને ગંભીર છે. તે જરૂર તને સમાધાન આપીને શાંત કરશે.... તારે બીજે ક્યાંય જવું નહીં પડે. જ્ઞાનનો સ્વભાવ શાંતિ દેવાનો છે. માટે જ્ઞાનથી ભિન્ન બહારમાં બીજા કોઈનું શરણ શોધ મા. જ્ઞાનનો જ વિશ્વાસ કરીને નિશ્ચિત બની જા.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સમયસાર ગાથા ૧૧માં શુદ્ધનયનું અવલંબન લેવાનું કહ્યું પરંતુ શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે—પર્યાય છે, શું તે અંશના અવલંબને સમ્યગ્દર્શન થાય?**

ઉત્તર :—ખરેખર શુદ્ધનયનું અવલંબન ક્યારે થયું કહેવાય? એકલા અંશને પકડીને તેના જ અવલંબનમાં જે અટક્યો છે તેને તો શુદ્ધનય છે જ નહિ; જ્ઞાનના અંશને અંતરમાં વાળીને જેણે ત્રિકાળી દ્રવ્યની સાથે અભેદતા કરી છે તેને જ શુદ્ધનય હોય છે, અને આવી અભેદદૃષ્ટિ કરી ત્યારે શુદ્ધનયનું અવલંબન લીધું એમ કહેવાય છે એટલે 'શુદ્ધનયનું અવલંબન' એમ કહેતાં તેમાં પણ દ્રવ્ય-પર્યાયની અભેદતાની વાત છે; પરિણતિ અંતર્મુખ થઈ દ્રવ્યમાં અભેદ થઈને જે અનુભવ થયો તેનું નામ શુદ્ધનયનું અવલંબન છે, તેમાં દ્રવ્ય-પર્યાયના ભેદનું અવલંબન નથી. જો કે શુદ્ધનય તે જ્ઞાનનો અંશ છે—પર્યાય છે, પરંતુ તે શુદ્ધનય અંતરના ભૂતાર્થ સ્વભાવમાં અભેદ થઈ ગયો છે એટલે ત્યાં નય અને નયનો વિષય જુદા ન રહ્યા. જ્યારે જ્ઞાનપર્યાય અંતરમાં વળીને શુદ્ધદ્રવ્ય સાથે અભેદ થઈ ત્યારે જ શુદ્ધનય થયો. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે.

**પ્રશ્ન :—શાસ્ત્રમાં વ્યવહારને પણ પ્રશંસા યોગ્ય કહેલ છે ને?**

ઉત્તર :—નિશ્ચય શુદ્ધાત્માની ભાવનાવાળા સાધક જીવને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે જે વ્યવહાર સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નવ તત્ત્વનું જ્ઞાન અને પંચમહાવ્રતનું આચરણ છે તેને નિશ્ચયનું સહકારી ગણીને પ્રશંસા યોગ્ય કહ્યું છે. વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો છે. તોપણ પરમાર્થે તો બંધ માર્ગ જ છે. તેથી નિશ્ચય શુદ્ધાત્માની ભાવના કાળે તે વ્યવહાર પ્રશંસા યોગ્ય નથી. સાધક જીવને પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી એટલે પ્રથમ અવસ્થામાં વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-આચરણને પ્રશંસા યોગ્ય કહ્યું છે તોપણ શુદ્ધાત્માની ભાવના કાળે પ્રશંસા યોગ્ય નથી.

**પ્રશ્ન :—નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ છે કે મૈત્રી છે?**

ઉત્તર :—નિશ્ચયનય અને વ્યવહારનયને છે તો વિરોધ પણ સાથે રહે છે તે

અપેક્ષાએ મૈત્રી પણ કહેવાય. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે રહેવામાં વિરોધ છે તેમ નિશ્ચય-વ્યવહારને વિરોધ નથી, સાથે રહે છે તેથી મૈત્રી કહેવાય.

પ્રશ્ન :—તો શું વ્યવહાર છે જ નહીં?

ઉત્તર :—વ્યવહાર છે ભલે,—પણ મોક્ષમાર્ગ તેના આધારે નથી. વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ માનવો તે તો પરદ્રવ્યથી લાભ માનવા જેવુ છે. જેમ, પરદ્રવ્ય છે માટે સ્વદ્રવ્ય છે—એવી માન્યતામાં સ્વ-પરની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે, તેમ રાગરૂપ વ્યવહાર છે તો તેને લીધે નિશ્ચય છે—એવી માન્યતામાં સ્વભાવ અને પરભાવની એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે. સાધકને તો સુખ અને સાથે કિંચિત્ દુઃખ પણ છે, બંને ધારા (એક વધતી ને બીજી ઘટતી) સાથે વર્તે છે; બંને સાથે હોય તેથી શું એકને કારણે બીજું છે? શું દુઃખ છે માટે સુખ છે? ના. બસ! બંને સાથે હોવા છતાં જેમ દુઃખ છે માટે સુખ છે—એમ નથી, તેમ નિશ્ચય અને વ્યવહાર બંને સાથે હોવા છતાં, વ્યવહાર છે માટે નિશ્ચય છે—એમ નથી. વ્યવહારના આશ્રયે બંધન છે, ને નિશ્ચયના આશ્રયે મુક્તિ છે,—એમ બંને ભિન્નભિન્ન સ્વરૂપે વર્તે છે.

પ્રશ્ન :—જ્ઞાની વ્યવહારને હેય માને છે તો જ્ઞાનીના વ્યવહારનું ફળ સંસાર કેમ?

ઉત્તર :—જ્ઞાનીનો વ્યવહાર પણ રાગ છે અને રાગનું ફળ સંસાર છે. શ્રાવકોને છ આવશ્યક, મુનિઓને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે, આવે છે, તે નિશ્ચયનો સહચર જાણીને જિનવાણીમાં જણાવ્યું છે, પણ એ રાગનું ફળ સંસાર છે તેમ કહ્યું છે અને એ શુભરાગથી જે લાભ માને છે, શુભરાગ કરતાં કરતાં ધર્મ થશે તેમ માને છે તેઓ તો મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :—જિનવાણીમાં કહેલાં વ્યવહારનું ફળ જો સંસાર છે તો જિનવાણીમાં કહ્યો શું કામ?

ઉત્તર :—નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે અપૂર્ણદશાના કારણે રાગની મંદતામાં કેવા કેવા પ્રકારનો મંદ રાગ હોય, ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનોની ભૂમિકામાં કેવો મંદ રાગ હોય, પૂજા-ભક્તિ, અણુવ્રત, મહાવ્રત આદિ હોય તેનો વ્યવહાર બતાવવા જિનવાણીમાં કહ્યું છે; પણ એ રાગની મંદતાના વ્યવહારનું ફળ તો બંધન ને સંસાર છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—તત્ત્વના નિર્ણય પછી ભેદ-અભ્યાસમાં, આ પુદ્‌ગલનું પરિણમન છે તે પુદ્‌ગલમાં છે ને હું તો જુદો છું એ જાતનો અભ્યાસ કરી છૂટો પડે તો અનુભવ થાય?

સમાધાન :—દેહ જુદો અને હું આત્મા જુદો એવો અંતરમાં વિકલ્પ આવે તેનાથી પણ મારો સ્વભાવ જુદો છે એમ વિકલ્પથી પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વિકલ્પ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. છતાં પણ વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે વિકલ્પ હોવા છતાં હું તેનાથી જુદો છું. વિકલ્પથી ભેદનો અભ્યાસ હોય તો વિકલ્પથી છૂટો પડે અને તો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ અનુભૂતિ થવાનો પ્રસંગ આવે. વિકલ્પ ઊભા હોય છતાં પણ હું તેનાથી છૂટો છું એમ વિકલ્પથી ન્યારો થવાનો અભ્યાસ કરતો નથી તો ન્યારો થઈ શકતો નથી. વિકલ્પ ટાળું–ટાળું એમ કર્યા કરે તો શૂન્યતા જેવું થાય; તેમ નહિ પણ વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનો છે.

પ્રશ્ન :—કોઈ આકરી પ્રતિકૂળતા આવી પડે, કોઈ મર્મછેદક વચન કહે, તો શીઘ્ર દેહમાં સ્થિત પરમાનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું, સમતાભાવ કરવો એમ કહેવામાં આવે છે. પણ હજી તો શ્રદ્ધા–જ્ઞાનનાં ઠેકાણાં નથી તો તે કેવી રીતે પરમાત્માનું ધ્યાન કરે?

સમાધાન :—આ આગળની વાત કરી છે, પણ જેટલી પોતાની શક્તિ હોય તે પ્રમાણે કરવું. મુનિઓને આકરા પરીષહ આવે–મર્મછેદક વચન કોઈ કહે, કોઈ નિંદા કરે–તો મુનિઓ એકદમ આત્માના ધ્યાનમાં એવા ચડી જાય કે બહારનું બધું ભૂલી જાય. નિંદા–પ્રશંસા આદિ બધું જેમને સરખું છે તથા આ શરીર પણ મારું નથી, શરીરમાં જે થાય તેનાથી મને કાંઈ થતું નથી. એવા મુનિઓ આકરા પરીષહ આવે તો એકદમ જ્ઞાયકના ધ્યાનમાં ચડીને શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પારસનાથ ભગવાનને ઉપસર્ગ આવ્યો હતો; પાંડવોને કેવો ઉપસર્ગ થયો હતો? છતાં તે વખતે તેઓ બધા આત્માનું ધ્યાન કરતા હતા. અને ત્રણ તો એકદમ આગળ ગયા. આગળ જઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ તો મુનિઓની વાત થઈ, પણ આ રીતે જિજ્ઞાસુ–મુમુક્ષુ પોતે

પોતાની હદ હોય તે પ્રમાણે બહારના પ્રતિકૂળ પ્રસંગો આવે તો તેમાં શાંતિ રાખે કે હું જ્ઞાયક છું. આત્માનું ધ્યાન ન થઈ શકે તો હું જ્ઞાયક છું, હું તો આત્મા છું, મને કાંઈ લાગતું નથી, આ શબ્દ તો પુદ્‌ગલ છે અને તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. એમ વિચારો કરે, તેની શ્રદ્ધા કરે, તેવી જાતની એકાગ્રતા કરે ને તેવું ધ્યાન કરે. પ્રથમ યથાર્થ ધ્યાન ન હોય, પણ પોતે ભાવના કરે કે આ શરીર હું નથી, આ પુદ્‌ગલ છે; જે થાય તે શરીરમાં થાય છે, મને કાંઈ થતું નથી; હું તો જ્ઞાયક છું,—તે રીતે વિચાર કરે ને શ્રદ્ધાનું બળ વધારે કે હું તો જુદો છું. શબ્દ કહેતો નથી કે તું સાંભળ અને હું જીવ પણ કાંઈ ત્યાં સાંભળવા જતો નથી. હું મારામાં છું, એમ પોતે વિચાર કરી, શાંતિ રાખે—સમભાવ રાખે.

પ્રશ્ન :—''અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હું'' તે ભાવમાં દાસત્વપણું કહેવા માંગે છે?

સમાધાન :—''અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હું; એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું?' મારામાં બધા દોષો છે એમ પોતાના દોષ જોનાર બીજા કોઈના દોષ જોતો નથી. જગતની અંદર હું અધમાધમ છું એમ પોતાના દોષ જોનાર આગળ જાય છે એમ કહેવું છે. અધમાધમ અધિકો પતિત પોતે થઈ ગયો નથી, પણ ભાવના એવી છે કે મારે બીજાના દોષો શા માટે જોવા? હું દોષથી ભરેલો છું અને બીજા બધા દ્રવ્ય અપેક્ષાએ ગુણથી ભરેલા છે તેમ તે જોવે છે. દ્રવ્ય અપેક્ષાએ પોતાને જોવે છે કે મારા સ્વભાવમાં દોષ નથી, પણ પોતાને પુરુષાર્થ ઉપાડવો છે એટલે પોતાને એમ પણ જોવે છે કે મારામાં જ બધા દોષો છે. ''અધમાધમ અધિકો પતિત''—એમ પર્યાય અપેક્ષાએ મારામાં જ દોષો છે અને મારે જ ગુણ પ્રગટ કરવાના છે, બીજાના દોષ જોવાના નથી. પોતાનો અલ્પ દોષ હોય તો તેને મોટો કરીને પોતે અંદર વિચાર કરે, અને બીજાના થોડા ગુણને પોતે મોટા કરીને વિચાર કરે. આગળ જનાર મુમુક્ષુની આવી રીત હોય છે. પોતાને આગળ વધવું છે તે બીજાના ગુણ તરફ જોવે. તથા પોતાને પુરુષાર્થ ઊપડવા માટે પોતાના દોષ જોવે કે મારે ઘણું કરવાનું છે. આમ કરીને આગળ જાય છે. તે જ્ઞાન બરાબર કરે છે કે દ્રવ્ય અપેક્ષાએ મારામાં શુદ્ધતા ભરી છે, પણ પર્યાયમાં હજી મારે અંતરમાં પુરુષાર્થ કરીને બધું પ્રગટ કરવાનું છે. આમ દાસત્વપણું કોઈક અપેક્ષાએ કહ્યું છે; બધી અપેક્ષાએ નહીં. પર્યાયની અપેક્ષાએ પોતાને આગળ વધવાનું છે અને 'દીન ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાં સે હોય' તે દ્રવ્યદષ્ટિની અપેક્ષા છે.—બંનેની સંધિ છે.

## બાળ વિભાગ

# પાંડવોનો વૈરાગ્ય

(જરતકુમારથી શ્રીકૃષ્ણની મૃત્યુ અને દ્વારિકાના નાશના સમાચાર સાંભળી પાંડવોએ જરતકુમારને દ્વારિકાના સિંહાસન ઉપર બેસાડ્યા અને સંસારની અસારતાથી તેમનું ચિત્ત વૈરાગ્યમય બન્યું. તેઓ શ્રી નેમિનાથ પ્રભુના સમવસરણમાં ગયા અને ભગવાનની સ્તુતિ કરી ધર્મોપદેશ સાંભળ્યો. પછી યુધિષ્ઠિરે પાંડવો તથા દ્રૌપદીના પૂર્વભવ સંબંધિ જાણવાની ઈચ્છા કરી. ત્યારે ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું યુધિષ્ઠિર-નકુલ, ભીમ-સહદેવ તથા અર્જુન-દ્રૌપદી પૂર્વભવમાં પતિ-પત્ની હતા. એકવાર એક મુનિરાજના આહારદાન સમયે દ્રૌપદીએ મુનિરાજની વિરાધના કરી ઘણો અનાદર કર્યો તેથી ઘણા કુયોનીમાં જન્મ લઈ ચંપાપુરીમાં સુકુમારી કન્યા થઈ..... તેણે આર્યિકા વ્રત ધારણ કર્યા... હવે આગળ..)

એક સમયની વાત છે, જ્યારે તેણે એક વાર વસંતસેના નામની વેશ્યાને અનેક વૈભવ સાથે જતી જોઈ, જેની પાંચ કામી પુરુષો સેવા કરી રહ્યા હતા... તેનો ઠાઠ-બાટ જોઈને અજ્ઞાનથી તે સુકુમારી—આર્યિકાએ ભવિષ્યમાં મને પણ આવું સૌભાગ્ય મળે એવું નિદાન કર્યું.

અહીંથી મરીને તે સ્વર્ગમાં ગઈ. સોમદત્ત (અર્જુન)નો જીવ જે પૂર્વભવમાં તેનો પતિ હતો અને સ્વર્ગમાં ગયો હતો, ત્યાં તેની દેવી બની. તે પર્યાયને છોડીને અહીં દ્રૌપદીના રૂપમાં ઉત્પન્ન થઈ. પૂર્વે બાંધેલા અશુભ નિદાનબંધને કારણે તે સતી (માત્ર અર્જુનની પત્ની) હોવા છતાં પણ "પંચભર્તારી"ના નામથી જગતમાં પ્રખ્યાત થઈ છે, પરંતુ તેનું ચિત્ત વાસ્તવમાં સંસારથી ઉદાસ થઈને ધર્મની પ્રત્યે જાગૃત થયું.


આ પ્રમાણે પ્રભુ શ્રી નેમિનાથ તીર્થંકરની સભામાં પોતાના પૂર્વભવો સાંભળીને તે પાંડવો અને દ્રોપદીનું ચિત્ત સંસારથી એકદમ વિરક્ત થયું અને વિશુદ્ધ પરિણામપૂર્વક તેમણે પ્રભુની સન્મુખ જિનદીક્ષા ધારણ કરી. અહો ! યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ—આ પાંચે ભાઈઓ જૈન મુનિ થઈને આત્મધ્યાનમાં લીન થયા અને પંચપરમેષ્ઠીપદને સુશોભિત કરવા લાગ્યા. તેમને જોઈને બધા આશ્ચર્યને પ્રાપ્ત થયા... સ્વર્ગના દેવ પણ આનંદપૂર્વક ઉત્સવ કરવા લાગ્યા. ત્યારે દ્રૌપદી, માતા કુંતી અને સુભદ્રાએ પણ રાજમતી-આર્યિકાના પાસે જઈને દીક્ષા લીધી.

ત્યારબાદ વિહાર કરતાં-કરતાં તે પાંડવ મુનિરાજ સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા... નેમિનાથ પ્રભુની કલ્યાણક ભૂમિ ગિરનારની યાત્રા કરી.. તત્પશ્ચાત્ વૈરાગ્યભૂમિ સહસ્રઆમ્રવનમાં થોડા દિવસ રહીને આત્મધ્યાનની ઉગ્રતાથી વીતરાગતાની વૃદ્ધિ કરી..

પછી શત્રુંજય સિદ્ધક્ષેત્રમાં આવીને નિષ્કંપ આત્મધ્યાન કરવા લાગ્યા.....અહો ! પરમેષ્ઠીપદમાં ઝૂલતા તે પાંચે પાંડવ મુનિરાજ પંચપરમેષ્ઠી જેમ શોભાયમાન થઈ રહ્યા હતા.

### શત્રુંજય પર્વત ઉપર ઘોર ઉપસર્ગ વચ્ચે પાંચ પાંડવ મુનિવરોએ ભાવેલી

## વૈરાગ્ય ભાવના



શત્રુંજય પર્વત ઉપર પાંચ પાંડવ મુનિવર યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ સંસારથી વિમુખ થઈને આત્મસ્વરૂપમાં ઉપયોગ એકાગ્ર કરીને શુદ્ધોપયોગરૂપ આત્મધ્યાન કરી રહ્યા હતા.... શત્રુ-મિત્ર પ્રતિ તેમને સમભાવ હતો. તે સમયે દુર્યોધનના દુષ્ટ ભાણેજે તેમને જોયા—'આ લોકોએ જ મારા મામાઓને માર્યા છે'—એવો વિચાર કરીને વેરબુદ્ધિથી તેમના પ્રત્યે બદલો લેવા માટે તૈયાર થયો.

તે દુષ્ટ જીવે ભયંકર ક્રોધપૂર્વક લોઢાના ધગધગતા મુકુટ આદિ બનાવીને મુનિઓના માથે પહેરાવી તેમના ઉપર અગ્નિનો ઘોર ઉપસર્ગ કર્યો.... ધગધગતા લોખંડના મુકુટથી મુનિવરોના મસ્તક સળગવા લાગ્યા... હાથ-પગ પણ બળવા લાગ્યા.... આવા ઘોર ઉપસર્ગ વચ્ચે પણ નિજસ્વરૂપથી ડગ્યા વગર તેમણે વૈરાગ્યજનની બાર ભાવનાનું ચિંતવન કર્યું અને યુધિષ્ઠિર-ભીમ-અર્જુન—આ ત્રણે મુનિવરોએ તો તે જ સમયે નિર્વિકલ્પ શુદ્ધોપયોગપૂર્વક ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પ્રાપ્ત કર્યું. નકુળ અને સહદેવ—આ બંને મુનિવરોને પોતાના ભાઈ સંબંધી સહજ વિકલ્પ રહેવાથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ. પણ વૈરાગ્યભાવના-પૂર્વક સર્વાર્થસિદ્ધિ નામના સૌથી ઊંચા દેવલોકમાં ગયા... ત્યાંથી ચ્યવીને તેઓ મોક્ષ પ્રાપ્ત કરશે.

(ક્રમશઃ) ❊

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

*** જાતિસ્મરણજ્ઞાન વાર્ષિક દિન ***

ચૈત્ર વદ-૮, તા. ૧૫-૪-૨૦૨૦, બુધવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

*** પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ ***

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન વૈશાખ સુદ ૧૩ તા. ૫-૫-૨૦૨૦ થી વૈશાખ વદ ૩, તા. ૯-૫-૨૦૨૦ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૧મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન**

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૩૧મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૧૭-૩-૨૦૨૦, મંગળવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો શ્રી આશિષભાઈ કિશોરભાઈ મહેતા, પરિવાર જામનગર નિવાસસ્થાને ગયા હતા. તેમના નિવાસસ્થાને વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે-ગાજતે ભક્તિભાવ સાથે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું હતું. મહોત્સવ આયોજક અખિલ વિશ્વ કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ વતી શ્રી આશિષભાઈ કિશોરભાઈ મહેતા, જામનગર દ્વારા પત્રિકાનું ભાવભક્તિસહ વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ હતી. પત્રિકા લેખન માટે જામનગર, રાજકોટ, સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ જગ્યાએથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

### શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર દ્વારા

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન

### પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ તા. ૧૪-૩-૨૦૨૦ના રોજ વાંકાનેરમાં તથા પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૫-૩-૨૦૨૦ થી ૧૮-૩-૨૦૨૦ સુધી પંચદિવસીય સમારોહપૂર્વક ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મહોત્સવમાં પ્રથમ દિવસે તા. ૧૪-૩-૨૦૨૦ના રોજ સમ્યક્ત્વ-સાધનાધામ વાંકાનેરની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક મુમુક્ષુઓએ સમ્યક્ત્વસાધનાધામની યાત્રા કરી મધુરા સંસ્મરણો સાથે સોનગઢ આવ્યા. મહોત્સવના બાકીના ચાર દિવસમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર કળશટીકા ઉપર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજીભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા **LED** સ્ક્રીન ઉપર દેખાડવામાં આવતા હતા. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો. આ ઉત્સવના ચોથા દિવસે તા. ૧૭-૩-૨૦૨૦ના રોજ જંબૂદ્વીપમાં બિરાજમાન થનાર ભગવંત જંબૂદ્વીપમાં પધાર્યા હતા. ત્યાં મુમુક્ષુઓ દ્વારા ભક્તિ કરવામાં આવી ત્યારબાદ તે ભગવાનને શોભાયાત્રાપૂર્વક બહેનશ્રીના નિવાસસ્થાન સુધી લાવવામાં આવ્યા હતા. રસ્તામાં મુમુક્ષુઓએ ભગવાનને ઉલ્લાસપૂર્વક વધાવ્યા હતા.

### * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૧૮-૩-૨૦૨૦ને બુધવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં બધા મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિ-ગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ તથા અન્ય વ્યવસ્થામાં વાંકાનેર નિવાસી યુવા કાર્યકર્તાઓની કામગીરી પ્રશંસનીય હતી.

શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. આયોજકોનો ઉત્સાહ સરાહનીય હતો.

## (૮૧)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના સાચા ઉત્તર વિચારીને એક શબ્દ દ્વારા ખાલી જગ્યા પૂરો.)

(૧) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને ..................છે.

(૨) જગતમાં જેમ ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે તેમ આત્મામાં ડગલે ને પગલે ............ જ જોઈએ છે.

(૩) સમસ્ત કર્મના નાશથી સાક્ષાત મેળવાતો મહા આનંદનો લાભ તે .............છે.

(૪) બધા તાળાની ચાવી એક ...................નો અભ્યાસ કરવો.

(૫) જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રૂંધાયેલો ............... છે.

(૬) દ્રવ્ય તો શુદ્ધ છે, તેને પકડવા સૂક્ષ્મ ................... કર.

(૭) કુદેવ, કુગુરુની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વિનય તથા અનુમોદના કરવાથી .............. મિથ્યાત્વનું સેવન થાય છે.

(૮) જે કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે ................. છે.

(૯) મુનિદશા એટલે ................. ની તળેટી.

(૧૦) આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક ............... છે.

(૧૧) નવ તત્ત્વોમાં શુદ્ધનયથી જોઈએ તો ............. જ એક ચૈતન્ય ચમત્કારમાત્ર પ્રકાશરૂપ થઈ રહ્યો છે.

(૧૨) પ્રથમ રૂચિનો પલટો કરે તો .................નો પલટો સહજ થઈ જશે.

(૧૩) વ્રતની અપેક્ષા રાખવા છતાં તેનો એકદેશ ભંગ થવો તે ............. કહેવાય છે.

(૧૪) અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી માત્ર પરદ્રવ્યના નિમિત્તથી ............ મલિન થઈ જાય છે.

(૧૫) સમસ્ત વસ્તુ વિસ્તારમાં વ્યાપનારી તે મહાસત્તા છે. નિશ્ચિત વસ્તુમાં વ્યાપનારી તે .............. છે.

(૧૬) અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે તેમ વિભાવ પરિણામ વખતે જ તારામાં ................ ભરેલી છે.

(૧૭) નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ તે જ ............. છે.

(૧૮) મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય છે તેને ............. કષાય કહે છે.

(૧૯) સર્વ દ્રવ્યો પરિણમન સ્વભાવવાળા છે તેથી પોત પોતાના ભાવના પોતે જ ............... છે.

(૨૦) કર્મ નિર્જરાનું કારણ માત્ર .................. ઉપયોગ જ છે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન
## માર્ચ – ૨૦૨૦ના ઉત્તર

(૧) જ્ઞાન
(૨) સંવેગ
(૩) ચૌદમા
(૪) જૂઠ
(૫) દેશઘાતિ
(૬) અવસર્પિણી
(૭) મોહનીય
(૮) બાળતપ
(૯) કર્તા
(૧૦) અજ્ઞાન
(૧૧) પુરુષાર્થ
(૧૨) સંવર
(૧૩) અશુદ્ધ
(૧૪) ચાર
(૧૫) સામાયિક
(૧૬) એક
(૧૭) તેર
(૧૮) સંસ્થાન
(૧૯) સમ્મૂર્ચ્છન
(૨૦) ચારિત્ર

## (૮૧)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ ...................... ગામમાં થયો હતો.
(પાલેજ, ઉમરાળા, સોનગઢ)

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીના પિતાશ્રીનું નામ ................... છે.
(જેઠાલાલભાઈ, કુંવરજીભાઈ, મોતીચંદભાઈ)

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ પાંચ વર્ષ સુધી ..................... ગામે દુકાને બેસી વેપાર કર્યો હતો. (ઉમરાળા, વડોદરા, પાલેજ)

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્થાનકવાસી સંપ્રદાયમાંથી ................... ના દિને પરિવર્તન કર્યું હતું. (વૈશાખ સુદ-૨, ચૈત્ર સુદ-૧૩, શ્રાવણ વદી-૨)

(૫) પૂજ્ય ગુરુદેવશ્રી નાનપણથી જ વૈરાગી હતા તેથી તેમને બધા ................. કહીને બોલાવતા હતા. (વૈરાગી, સંત, ભગત)

(૬) પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણને મોક્ષમાર્ગ બતાવ્યો તે કારણે તેમનો આપણા ઉપર ................... ઉપકાર છે. (ઘણો જ, અનંત, ન ભૂલી શકાય તેવો)

(૭) પૂજ્ય ગુરુદેવશ્રીને .................... હોવાના કારણે શાસ્ત્રોના ગહન રહસ્ય ખોલવાની અજબ શક્તિ હતી. (જ્ઞાનનો ક્ષયોપશમ, શ્રુતની લબ્ધિ, શાસ્ત્રોનો અભ્યાસ)

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીની વાતનો જેને હકાર પણ આવે છે તે ................. જીવ છે.
(દૂરભવી, નિકટભવી, અભવી)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે આ પંચમકાળ પણ .................... કાળ સમાન લાગે છે.
(ચોથા, ત્રીજા, બીજા)

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મક્રાંતિ કરી તેથી તેમને ............................ કહેવાય છે. (તારણહાર, અધ્યાત્મયુગસ્રષ્ટા, ઉપકારી)

(૧૧) પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય અને પોતે જ બનાવેલ કાવ્ય ........................
(દૂર ! કા પ્રભુ, શિવરમણી રમનાર તું, અપૂર્વ અવસર એવો)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ ...................... ભગવાનના આડતિયા થઈ અહીં આવ્યા હતા.
(મહાવીર, સીમંધર, પાર્શ્વનાથ)

(૧૩) જિનદેવની આજ્ઞાને માને તેને સાચો ..................... કહેવાય છે.
(મુમુક્ષુ, જૈન, ભક્ત)

(૧૪) મોક્ષનો કાળ ...................... હોય છે. (અનાદિ સાંત, સાદિ અનંત, સાદિ સાંત)

(૧૫) મોક્ષમાર્ગનો કાળ ................. હોય છે. (અનાદિ સાંત, સાદિ અનંત, સાદિ સાંત)

(૧૬) ................... પૂર્વાપર વિરોધ રહિત જિનવાણીની રચના કરે છે.
(આચાર્યદેવ, શ્રાવક, આર્યિકા)

(૧૭) પઠન પાઠનના અધિકારી અને ૨૫ ગુણધારીને ....................... પરમેષ્ઠી કહે છે.
(આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)

(૧૮) જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય છે તેને .................... ગુણ કહે છે. (દ્રવ્યત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ)

(૧૯) સાત તત્ત્વોમાં પ્રગટ કરવાની અપેક્ષાએ પરમ ઉપાદેય ...................... તત્ત્વ છે.
(મોક્ષ, સંવર, નિર્જરા)

(૨૦) જે શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય અવશ્ય હોય છે તેને ....................... ગુણ કહે છે. (અગુરુલઘુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ)

---

## બાળકો માટેના આપેલ
## પ્રશ્ન માર્ચ – ૨૦૨૦ના ઉત્તર

(૧) ૧ લાખ (૧૦૦૦૦૦)

(૨) ૪૫ લાખ

(૩) ૮,૫૬,૯૭,૪૮૧

(૪) ૫૬૧૬

(૫) ૧

(૬) ૬૩

(૭) ૧૦

(૮) ૮

(૯) ૭,૭૨,૦૦૦૦૦
(૭ કરોડ ૭૨ લાખ)

(૧૦) ૧૩

(૧૧) મોક્ષમાં

(૧૨) મોક્ષમાં

(૧૩) સ્વર્ગમાં

(૧૪) સ્વર્ગમાં

(૧૫) મનુષ્યગતિ

(૧૬) નરકમાં

(૧૭) નરકમાં

(૧૮) મોક્ષમાં

(૧૯) સ્વર્ગમાં

(૨૦) મનુષ્યગતિ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પર્યાયની બાજુમાં જ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે તે સર્વોત્કૃષ્ટ ચીજ છે. આશ્ચર્યકારી ચીજ છે. પોતાનો સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા સિદ્ધની પર્યાય કરતાં પણ સર્વોત્કૃષ્ટ છે કેમકે સિદ્ધદશા એ તો એક સમયની પર્યાય છે ને આત્મા તો એવી અનંતી સિદ્ધ પર્યાય જેમાંથી પ્રગટે એવું દ્રવ્ય છે, તે સર્વોત્કૃષ્ટ છે. અપરિમિત, અમર્યાદિત, જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિનો પિંડ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સર્વોત્કૃષ્ટ ચીજને જે દૃષ્ટિ સ્વીકારે તે સમ્યક્દૃષ્ટિ છે. પર્યાયને ને ગુણભેદને સ્વીકારે તે દૃષ્ટિ સમ્યક્ નથી. ૪૦૨.

● જે છૂટી જાય છે એ તો તુચ્છ વસ્તુ છે, તેને છોડતાં તને ડર કેમ લાગે છે. શરીર છૂટતાં કે વાણી બંધ થતાં તને ડર કેમ લાગે છે ? એ તો તુચ્છ વસ્તુ છે. તેને છોડતાં તને ડર કેમ લાગે છે ? જે આશ્ચર્યકારી સર્વોત્કૃષ્ટ પ્રભુ છે તેનો આશ્રય લે, તને આનંદ ઝરશે. ચિંતામણી રત્ન કહો, કલ્પવૃક્ષ કહો, કામધેનુ કહો, તે આત્મા પોતે છે. જ્યારે જ્યારે તેનો આશ્રય કરે, ત્યારે-ત્યારે આનંદનો આસ્વાદ આવે છે. ૪૦૩.

● સંયોગનું લક્ષ છોડી દે ને નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે તેનો આશ્રય લે. વર્તમાન (પર્યાય)માં ત્રિકાળી જ્ઞાયક તે હું છું એમ આશ્રય કર. ગુણ-ગુણીના ભેદનું પણ લક્ષ છોડીને એકરૂપ ગુણીની દૃષ્ટિ કર. તને સમતા થશે, આનંદ થશે. દુઃખનો નાશ થશે. એક ચૈતન્ય વસ્તુ ધ્રુવ છે તેમાં દૃષ્ટિ દેવાથી તને મુક્તિનો માર્ગ પ્રગટ થશે, અભેદ ચીજ કે જેમાં ગુણ-ગુણીના ભેદનો પણ અભાવ છે ત્યાં જા. તને ધર્મ થશે. રાગથી છૂટવાનો પંથ હાથ આવશે, વિકાર ને દુઃખથી છૂટવાનો પંથ તને હાથ આવશે. ૪૦૪.


● સ્ત્રી-પુત્ર-પૈસા આદિમાં રચ્યા-પચ્યા રહેવું એ તો સર્પનો મોટો રાફડો છે, ઝેરીલો સ્વાદ છે. પણ શુભમાં આવવું એ પણ સંસાર છે. પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગુમ થયા એ બહાર ન આવ્યા. ૪૦૫

● સમ્યગ્દૃષ્ટિને તો બહારના વિકલ્પમાં આવવું ગમતું નથી. અહીં તો વિશેષ દશાવાળાની વાત લીધી છે કે મહાજ્ઞાનીઓ અંદરમાં જામી ગયા છે. અહો ! તે ધન્ય દિવસ ક્યારે આવે કે મારે બહાર આવવું જ ન પડે !—આવી જ્ઞાનીની ભાવના હોય છે. સમકિતીને આવી દશાની ભાવના હોય છે. પણ હું દુનિયાને સમજાવું આદિ ભાવના હોતી નથી. ૪૦૬.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૨૦
અંક-૮ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-4-2020
Posted on 1-4-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**